# મા'રફતનાં મોતી

## ભાગ ૧ લો

લેખક
અલ્લામા નસીરૂદીન નસીર હુંઝઈ

□

અનુવાદક
ગુલશન કાસમઅલી મર્ચન્ટ
(લંડન)

ખાનાએ હિકમત-ઈદારાએ આરીફ

# મા'રફતનાં મોતી

## ભાગ ૧ લો

લેખક

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝઇ

□

અનુવાદક

ગુલશન કાસમઅલી મર્ચન્ટ
(લંડન)

પ્રકાશક

**ખાનાએ હિકમત-ઈદારાએ આરીફ**

૩-A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,
કરાચી-૩.

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# આભાર નોંધ

'મા'રફતનાં મોતી' પુસ્તકના સફળ તરજુમા માટે હું પુસ્તકના લેખક નસીરૂદીન હુંઝાઇનો ખરા અંતઃકરણથી આભાર માનું છું, જેમના જ્ઞાનના આ કુબેર ભંડારમાંથી એક બિંદુને મારી સૂક્ષ્મ કાર્યદક્ષતાથી ન્યાય આપવાની ક્ષુદ્ર કોશિષ કરી છે.

આ તકે હું મારી માતાજી સકીનાબાઇ કાસમઅલીનો પણ ખરા અંતઃકરણથી આભાર માનું છું, જેણે મને ગુજરાતી ભાષાનું જ્ઞાન હાંસલ કરવાની તક આપી હતી અને તેથી જ આજે હું 'મા'રફતનાં મોતી' પુસ્તકનો અંગ્રેજી ભાષામાંથી ગુજરાતી ભાષામાં તરજુમો કરવા શક્તિમાન થઇ છું.

તરજુમોકર્તા,
**ગુલશન કાસમઅલી મર્ચન્ટ,**
લંડન,
૬ઠી ઓગસ્ટ, ૧૯૮૩.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ૪ |
| ૨. | મને પૂછવામાં આવ્યું હતું | ૯ |
| ૩. | ઈબાદતમાં સફળતા પ્રાપ્ત કરવાનું મહાન રહસ્ય | ૧૫ |
| ૪. | અસલમાં વાસિલ અને ફના થવાની હકીકત | ૨૩ |
| ૫. | એકવાસ્તવવાદ | ૨૭ |
| ૬. | ખુદાઇ પરમાણુઓ–આપણું બ્રહ્માંડ | ૩૨ |
| ૭. | હઝરત આદમની વાર્તામાંના ખૂબજ વ્યાપક અને વિચક્ષણ શબ્દો | ૩૬ |
| ૮. | મોમીન અને એનો પરિવાર | ૪૩ |
| ૯. | કૃતજ્ઞતા અને કદરનું સ્મરણચિન્હ | ૪૬ |


ISW
Institute for Spiritual Wisdom
Luminous Science
Knowledge for a united humanity

☆

# ૧. પ્રસ્તાવના

દુનિયાના પોષણહારને નમ્ર ભક્તિભાવ વ્યક્ત કરવાના આ પ્રસંગે, આપણે આપણા હ્રદયના ઊંડાણમાંથી વિચારવું જોઇએ કે એની રૂહાની મહેરબાનીઓ, મદદ અને સફળતા બક્ષવા બદલ આપણે કઇ રીતે આભાર માની શકીએ. એમ છતાં એની મદદ વગર આપણી ક્ષુદ્ર બુદ્ધિ ને વિચારશક્તિ આ ખાસ મુશ્કેલ કર્તવ્યનું કોઇ પરિણામ નિપજાવી શક્તી નથી; આ જ કારણસર આપણા માટે એ જરૂરી છે કે આપણે હરહંમેશ અને દરેક સ્થળે એનો સહારો લઇએ; જેથી આપણને એની રોશની (નૂર)ના માર્ગદર્શન દ્વારા દોરી શકે; જેનું અસ્તિત્વ અને મોજૂદગી જાહેરી અને રૂહાની દુનિયાઓમાં છે.

આ નમ્ર સેવક, હ્રદય અને આત્માની નિખાલસતાથી દરેક વિદ્યાર્થીઓ અને દોસ્તોને આ મહાન રહેમતોની નવાજેશ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં સંપૂર્ણપણે શામેલ થવા માટે આમંત્રણ આપે છે; કારણ કે ઘણી રીતે જોતાં આપણે સર્વે એક આત્મા છીએ અને દરેક વ્યક્તિએ આ મહામૂલ્ય રહેમતો મેળવવા માટે પ્રાર્થનાઓ અને પ્રયત્નો કર્યા છે. સર્વે વખાણ અલ્લાહ માટે છે; અલ્લાહની, પયગમ્બરની અને <u>સાહેબે-અમ્ર</u> (હુકમના માલિક)ની તાબેદારી દરમિયાન આપણે આ હકીકત સમજી શક્યા છીએ કે દરેક માણસ સુષુપ્ત રીતે અને દરેક મો'મીન વાસ્તવિક રીતે એક છે.

આ પુસ્તક જેને <u>"મા'રફતનાં મોતીઓ"</u>નું શિર્ષક આપવામાં આવ્યું છે. એમાં <u>મા'રફત</u>ને લગતા કેટલાક ઊંચા અને મહામૂલ્ય લેખો સમાયેલા છે. જ્ઞાન અને <u>મા'રફત</u> એટલાં ઊંચાં અને કીમતી છે કે જો તેઓની સરખામણી મૂલ્યવાન મોતીઓ સાથે કરવામાં આવે તો એ પણ ઓછી થાય; કારણ કે જ્ઞાન અને <u>મા'રફત</u> ફક્ત પાક ઇમામોના તાબામાં છે અને તે સિવાય બીજા કોઇના તાબામાં નથી હોતાં; એટલે જ જેની પાસે પાક ઇમામ છે તો તેની (ઇમામની) કિંમત સંપૂર્ણ વિશ્વના ભૌતિક ખજાના કરતાં પણ વધારે છે.

આ પુસ્તકના લેખો જો કે એકબીજાથી સંબંધ ધરાવતા ન હોય એવા લાગે

છે, પરંતુ એમાં મા'રફતના સ્પષ્ટ રંગો સમાયેલા છે અને તેથી જ મા'રફતના ધોરણે આ લેખો ખાસ મુદ્દાસર અને બંધબેસતા છે; એટલે જ આ સંગ્રહને મા'રફતના મોતીઓ તરીકે સંબોધવું ઉચિત લેખાશે. મા'રફત અથવા રૂહાનીયતતા એ એવા જ્ઞાનથી ભરપૂર પ્રકાશ છે કે જેમાં સર્વે હકીકતો એક સાથે સંકળાયેલી છે. કુરાનની ઘણી આયતો એવું સૂચવે છે કે કુરાનના જુદા જુદા અને વિભિન્ન ઉદાહરણો એક જ હકીકત (સત્ય) તરફ પાછાં વળે છે. દ્રષ્ટાંત રૂપે, મધમાખીનું ઉદાહરણ, જે મુજબ ખુદાના હુકમથી મધમાખીને બધી જ દિશાઓમાં ફરવાની અને એક ફુલના ભાગ્યને બીજા ફૂલના ભાગ્ય સાથે પોતાના ઉડાણ દ્વારા જોડવાની અને જે પ્રમાણે તે ઇચ્છે એ પ્રમાણે જુદા જુદા ફૂલોના રસ (તત્ત્વ)માથી એક જ રંગનું મધ બનાવવાની પરવાનગી આપવામાં આવી છે. આ ભૌતિક મધનું ઉદાહરણ એ રૂહાની મધનું પ્રતિક છે અને એ દિવ્યજ્ઞાન અને મા'રફત છે જેમાં એક રંગ અને એક સ્વાદ હોય છે.

રૂહાની મધ ઘણા આત્માઓના સહકારી કાર્યથી બને છે. કુદરતના નિયમો પ્રમાણે એકલી રાણી મધમાખીથી મધ બનાવવું અશક્ય છે. જો કે આ કાર્ય માટે બીજી ઘણી કાર્ય કરવાવાળી મધમાખીઓ આ હેતુને પાર પાડવા કાર્ય કરે છે. એવી જ રીતે રૂહાની એટલે કે દિવ્યજ્ઞાન અને મા'રફતના મધ બનાવવા માટે ઝમાનાના ઈમામ એ રાજા રૂપે છે અને આપણે એના રૂહાની દોસ્તો રૂપે કાર્યકરો છીએ. અર્થાત મોમીનોના આત્માઓ જે ઝમાનાના ઈમામની નિખાલસતાથી, દિવ્યજ્ઞાન મેળવવાની અને એને ફેલાવવાની સેવા કરે છે; તેઓ રાજવીના કાર્યકરો જેવા છે (અમીર-અલ-નહલ=મધમાખીઓની રાણી). તેઓ રૂહાનીયતના બાગબગીચામાંથી મધ બનાવવાના કાર્યમાં રોકાયેલા છે.

આ અશક્ત અને ગરીબ (ખુદાવંદના) સેવકને કેનેડાની આ ત્રીજી મુલાકાતથી ખૂબજ સંતોષ થયો છે. આ એ સેવક અલ્લાહની રહેમતો માટે શુક્રગુઝાર છે કે આ એ સેવકનું જ્ઞાન આપવાનું અને ફેલાવવાનું સંપૂર્ણ કાર્ય એના (અલ્લાહના) જાહેરી અને બાતિની લશ્કર દ્વારા અલ્લાહે પૂર્ણ કર્યું છે.

આ મુલાકાત દરમિયાન મૌલાની કૃપાદ્રષ્ટિ તથા મહેરબાનીથી ઘણા અથત્યના કાર્યો એકીસાથે પાર પાડવામાં આવ્યા છે. દાખલા તરીકે 'મોન્ટ્રીયલ યુનિવર્સીટી'ના ભાષા અને ફિલોસોફી વિભાગમાં સંશોધન સહકાર્યકર તરીકે કામ કરવું, બીજા અધ્યાપકો સાથે બ્રુશાસકી ભાષાની કહેવતોના પુસ્તકને સંગ્રહીત કરવાનું કાર્ય, બ્રુશાસકી ભાષાના વ્યાકરણ અને શબ્દકોષના સંગ્રહોના કાર્યને આગળ વધારવાનું, બ્રુશેસકી સાહિત્યના કાર્યમાં સંકળાયેલા નવયુવાનો માટે બ્રુશાસકી ભાષા શિખાડવાના કાર્યક્રમ (course)ની પ્રગતિ સાધવી, તે ઉપરાંત દિવ્યજ્ઞાનના ફેલાવાની પ્રચલિત લેખિત પ્રવૃત્તિ ચાલુ રાખવી અને આ (દિવ્યજ્ઞાન) સંબંધિત સ્થાનિક <u>મજલિસોનું</u> સંચાલન કરવું.

આ નમ્ર દરવેશ માટે મૌલાના લશ્કરમાં સૌ પ્રથમ 'ખાના-એ-હિકમત' અને 'આરિફ'ના અધિકારીઓ અને સભ્યોનો સમાવેશ થાય છે, જેઓએ ખુદાવંદની કૃપાદ્રષ્ટિથી મને દરેક બાબતમાં પ્રોત્સાહીત કર્યો છે અને મારા કાર્યને હિંમત તથા ઉચ્ચ મહત્ત્વાકાંક્ષાથી આગળ વધાર્યુ છે. એમાં કોઇ શંકા નથી કે તેઓ મારા માટે રહેમતના ફરિસ્તાઓ છે. અલ્લાહની આ બુદ્ધિપૂર્ણ આદત છે કે જયારે એ કોઇને સારા કામોમાં સફળતા બક્ષવા ઇચ્છે છે ત્યારે તેઓને સારા દોસ્તો પણ આપે છે અને જયારે એ ઇચ્છે છે કે કોઇ નિષ્ફળ જાય, તો એ તેઓને દુષ્ટ દોસ્તોથી દોસ્તી કરાવે છે. આ અદભુત અલૌકિક નાટક છે.

આ પુસ્તકના વાંચકોને મારું હાર્દિક સૂચન છે કે જયાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેઓએ મારા બીજા પુસ્તકોનો અભ્યાસ કરવો જોઇએ, જેથી તેઓ સત્ય હકીકતો સ્પષ્ટ રીતે સમજી શકે. કેમકે ઘણી વખતે એક લેખક જે દ્રષ્ટિબિંદુ અથવા જ્ઞાન વ્યક્ત કરે છે, એની સમજણ મેળવવા માટે એ લેખકના એકજ પુસ્તકનું વાંચન કરવું પૂરતું નથી; પરંતુ એનાં બીજાં પુસ્તકોનો પણ અભ્યાસ કરવો જોઇએ. આ જ કારણસર આજના જ્ઞાન અને વિજ્ઞાનના પ્રગતિશીલ જમાનામાં જયારે કોઇ લેખકના પુસ્તકનું વિશ્લેષણ તથા પૃથ્થકરણીય અભ્યાસ કરવામાં આવે છે ત્યારે એના બીજા પુસ્તકોનો અભ્યાસ એના કાર્યને સરળતાથી સમજવા, સ્પષ્ટકરણ

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

કરવા અને પુરાવાથી સાબિત કરવા માટે કરાય છે.

આ પુસ્તકમાં ઘણા દ્રષ્ટિબિંદુઓ એવા છે જે દિવ્યજ્ઞાન અને રૂહાની જગતમાં ક્રાંતિકારી માની શકાય, કારણ કે આ બાબતો પયગમ્બરના કુટુંબના ખજાનામાંથી છે. નામાર્થે જમાનાનો ઈમામ. ઈમામના અસ્તિત્વ અને મોજુદગીનો હેતુ જ લાયકાત ધરાવનારાઓને આ જ્ઞાનની નવાજેશ કરવાનું છે, જે (જ્ઞાન) બીજા કોઈ પાસે નથી હોતું. આ જ્ઞાન એ ઈમામનું રૂહાની જ્ઞાન છે જે એના જ્ઞાનના મોજીઝા (<u>મોજીઝા–એ–ઈલ્મી</u>) તરીકે સંબોધાય છે; અને ઈમામ દુનિયાના બીજા માનવીઓથી આ જ્ઞાન થકી જુદા લેખાય છે. એથી જ અલ્લાહ કુરાનમાં ફરમાવે છે : "દુનિયામાં કોઈ એવી વસ્તુ નથી જેનો ખજાનો અમારી પાસે ન હોય" (૧૫ : ૨૧).

આ ખજાનાઓનો અર્થ ગૌરવશીલ <u>ઈમામત</u>ના દરજ્જાનો થાય છે. જેવી રીતે કુરાનની બીજી આયતમાં ફરમાવવામાં આવ્યું છે : "અને અમોએ સર્વે વસ્તુઓનો સમાવેશ જાહેર ઈમામમાં કર્યો છે (રૂહાની જ્ઞાનના રૂપમાં )." (૩૬ : ૧૨)

વિશેષમાં આ બીજી આયત ઉપર પણ આપણને વિચારણા કરવી જોઈએ : "પરંતુ પ્રશંસાપાત્ર કુરાન એ સુરક્ષિત તક્તી (Guarded Tablet) ઉપર (રૂહાની અક્ષરોમાં) લખેલું છે." (૮૫ : ૨૧–૨૨)

ઉપરોક્ત આયતોની ત્રણ જુદી જુદી રીતે વિચારણા કરી શકાય છે. પ્રથમ વિચારણા એ છે કે જાહેરી ઈમામનો અર્થ જમાનાના ઈમામ તરીકે થતો નથી, પરંતુ એ સુરક્ષિત તક્તી (Guarded Tablet)નું નામ છે જે આકાશી ગુંબજ (Firmament) ઉપર છે; અને એથી જ તેનો જમાનાના ઈમામ સાથે કોઈ સંબંધ નથી. બીજું એમાં કોઈ શંકા નથી કે સુરક્ષિત તક્તી એ જુદી જ સત્ય હકીકત છે, પરંતુ આ એક રૂહાની બાબત છે નહી કે જાહેરી (ભૌતિક). તેથી જ જેવી રીતે કુરાન જાહેરી રૂપે આ દુનિયામાં છે અને રૂહાની રૂપે એ સુરક્ષિત તક્તીમાં છે, તેવી જ રીતે <u>ઈમામત</u>નો પ્રકાશ (નૂર) શારીરિક રૂપે આ દુનિયામાં જાહેર છે અને રૂહાની

ASW IS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

રૂપે એ સુરક્ષિત તક્તી સાથે સંકળાયેલું છે. ત્રીજું એ વિચારવાનું કે જાહેરમાં ઈમામ એ જમાનાના ઈમામ છે, જેનું જાહેરી અસ્તિત્વ આ દુનિયામાં દેખીતું છે; અને રૂહાની હાલતમાં ઈમામ પોતે જ પ્રકાશિત સુરક્ષિત તક્તી છે જેની અંદર કુરાન પ્રકાશિત અને સુરક્ષિત છે.

આ ત્રણ વિચારણાઓમાંથી પ્રથમ વિચારણામાં સત્યતા નથી, કારણ કે રૂહાની વસ્તુઓ દુનિયાથી દુર લોકો ન પહોંચી શકે એવી કોઈ આકાશી જગ્યામાં હોય એવું શક્ય નથી. જ્યારે અલ્લાહની સૌથી મહાન વસ્તુ-પયગમ્બરનું નૂર, જેને અલ્લાહે દુનિયાની રહેમત (રહમતે-આલમ)નો આદેશ આપ્યો છે, તે આ દુનિયામાં એમના વારસદારોમાં ઈમામતના નૂર (નૂરે-ઈમામત) રૂપે એકધારું ચાલી રહ્યું છે. વિશેષમાં આ બાબત કેવી રીતે શક્ય છે કે પરમાર્થી દાતા પોતાના ખજાનાના વખાણ તો ઈચ્છતો હોય પરંતુ એ ખજાનાના દ્વારો દુનિયાના લોકો માટે ખુલ્લાં ન હોય, અને તે સુરક્ષિત તક્તી જે રૂહાની જગત તથા દિવ્યજ્ઞાનને લગતી દરેક બાબતોને અનુલક્ષે છે, જેમાં કુરાન પોતાની રૂહાની સુંદરતા અને પ્રતિષ્ઠા સાથે શામેલ છે એના વખાણ તો ઈચ્છતો હોય પરંતુ દુન્યવી લોકોને ત્યાં સુધી પહોંચવાનો હક્ક ન હોય. આ બાબત અલ્લાહની રહેમતોના નિયમોથી પર છે કે એ ઈન્સાનમાં કોઈ વસ્તુની ઉત્કંઠા ઉત્પન્ન કરાવે પરંતુ એને સંતોષવાના કોઈ સાધનનો બંદોબસ્ત ન કરે. આ સ્પષ્ટ પણે દેખાડે છે કે ઈન્સાનને દિવ્ય વસ્તુઓ (રૂહાની વસ્તુઓ) સુધી પહોંચવાનો હક્ક છે અને અલ્લાહની બધી વસ્તુઓ એક જ વસ્તુમાં છે, જે સર્વસ્વ છે અને તે ઈમામતનો પ્રકાશ (નૂર) છે. એટલે કે અલ્લાહે જેમ જાહેરી દુનિયા માટે ભૌતિક રોશનીના ઉત્પત્તિ સ્થાનને પેદા કર્યું છે, જે સૂર્ય છે અને તે આ ભૌતિક જગતનું સર્વસ્વ છે; તેવી જ રીતે અલ્લાહે ઈન્સાનિયતની દુનિયા અને ધર્મ માટે રૂહાની પ્રકાશના ઉદ્‌ગમસ્થાનની પણ નિમણુંક કરી છે-અને તે ઈમામ છે, જેમાં દિવ્યજ્ઞાન અને રૂહાનીયત રૂપે સર્વે વસ્તુઓ સમાયેલી છે.

**નસીર હુંઝાઈ**

૩ જી જૂન, ૧૯૮૨

# ૨. મને પૂછવામાં આવ્યું હતું

સવાલ–૧ : મારા અભિપ્રાય પ્રમાણે ઈસ્માઈલીઓ ન્યાયને લગતી બાબતો (ફીકહી–ઉમુર)નો સંપૂર્ણ રીતે અમલ કરતા નથી.

જવાબ–૧ : નહીં, તમારો અભિપ્રાય યોગ્ય નથી. વાસ્તવમાં આચાર શાસ્ત્ર (Jurisprudence) ના સાધનો અને હેતુઓ ફક્ત ઈસ્માઈલીઓને જ સુલભ્ય છે, અને બીજા કોઈને નથી. કહેવાનો અર્થ એ છે કે હકીકતમાં આચારશાસ્ત્ર (figh) એ કુરાન અને પયગમ્બરની હદીસોના પ્રકાશમાં ઈમામે બનાવ્યું હતું. હવે એક સવાલ હું આ જ બાબતને લગતો કરવા માંગુ છું. શું અલ્લાહે આ આચારશાસ્ત્રનું બંધારણ જ્યારે કુરાન નાઝીલ કર્યું ત્યારે પૂરું કર્યું હતું ? નહીં. શું પયગમ્બરે એમની પયગમ્બરી દરમ્યાન પૂરું કર્યું હતું ? નહીં. જો નહીં, તો પછી આ કાર્ય કોણે પૂરું કર્યું ? ઈમામોએ. આ સંપૂર્ણપણે સત્ય છે કે આચારશાસ્ત્ર (figh) નું કાર્ય ઈમામોએ પૂરું કર્યું હતું. ખાસ કરીને ઈમામ જાફર અલ–સાદીકે કર્યું હતું. આ જ કારણસર શીયા ફિરકામાં એને ફીક–એ–જાફરીના નામથી સંબોધવામાં આવે છે. અર્થાત ઈમામ જાફર–અલ–સાદીકે રચેલું આચારશાસ્ત્ર. હવે ઈસ્માઈલીઓ પાસે બન્ને વસ્તુઓ–આચારશાસ્ત્ર (figh) તથા ઈમામ જાફર–અલ–સાદીકના વારસદારના ઉત્તરાધિકારી જે એમના વંશજ છે. તેથી જ જે રીતે ઈસ્માઈલીઓ આચારશાસ્ત્ર (figh) ને અમલમાં મૂકે છે, એજ એના આચરણની ખરી પધ્ધતિ છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે એક રીતે જોતાં આચારશાસ્ત્ર (figh) ના સ્થાપક, ઈમામ જાફર–અલ–સાદીક પોતે, ઈસ્માઈલીઓ વચ્ચે તેમના વારસદાર અને વશંજના રૂપમાં જીવિત છે.

સવાલ–૨ : તમારા પુસ્તકોમાં શરિઅત, તરીકત, હકીકત અને મા'રફત આ શબ્દોનો વ્યાપક વપરાશ કરવાનું કારણ શું છે ?

જવાબ–૨ : આ શબ્દોના વપરાશનું કારણ ઈસ્લામ પોતે જ છે જેને સીધો

રસ્તો (સિરાતલ-મુસ્તકિમ) તરીકે સંબોધવામાં આવે છે. આ માર્ગ જે અલ્લાહ તરફ દોરે છે તેના આ ચાર તબક્કાઓ છે. જેવી રીતે દરેક લાંબા માર્ગના તબક્કાઓ હોવા જરૂરી છે. આ શબ્દો સૂફીઓએ પણ અપનાવ્યા છે. ઈસ્લામનો શબ્દકોષ (Dictionary of Islam) તપાસો તેમાં ઈસ્લામના આ ચાર તબક્કાઓનો ઉલ્લેખ છે.

સવાલ-૩ : તમો બાતિનીઓ (esotericists) ના નામથી ઓળખાવાનાં કારણો તમે કેવી રીતે સમજાવશો ?

જવાબ-૩ : અમોને બાતિનીઓના નામથી સંબોધવાનું કારણ એ છે કે અમે ઈસ્લામની જાહેરી બાજુની સાથે સાથે બાતિની બાજુમાં પણ માનીએ છીએ. જેમ પયગમ્બરે ફરમાવ્યું : " કુરાનની બધી જ સુરાઓમાં કોઈ એક આયત એવી નથી જેના જાહેરી અને બાતિન (ખાનગી) અર્થ થતા ન હોય, અને દરેક બાતિનમાં સાત બાતિન સમાયેલા છે." બીજા એક નિવેદન પ્રમાણે " સીત્તેર બાતિન" છે. હવે તમે મને વિચાર કરીને જણાવો કે બુધ્ધિથી ભરપૂર પુસ્તક જેને અલ્લાહે માર્ગદર્શક તરીકે એ રીતે મોકલ્યું છે, જેથી એની બાતિની બાજુ જાહેરી બાજુ કરતાં વિવિધ રીતે ચડિયાતી હોય. શું એ નિરર્થક અને નકામું છે ? કે પછી એમાં જાહેરી માર્ગદર્શન પણ સમાયેલું છે ? જો આપણે માની લઈએ-અને માનવું જોઈએ કે બાતિનમાં પણ એક માર્ગદર્શન છે, તો એ જરૂરી છે કે આપણને એ બન્નેનો અમલ કરવો જોઈએ. જો કે બાતિનને પહેલાં અમલમાં મૂકીને પછી જાહેર ઉપર અમલ કરવું એ અશક્ય છે અને નહીં કે પયગમ્બરના જમાનામાં આ બન્ને વસ્તુઓને એક સાથે અમલમાં મૂકવાનું ઉચિત હતું.

આ બંને વસ્તુઓને એક સાથે અમલમાં મૂકવાનો સારામાં સારો ઉપાય એ છે કે પ્રથમ શરિઅતના વખત દરમ્યાન જાહેર (tanzil) બાબતોનો વધારે ને વધારે અમલ કરવો અને હકીકતના વખતમાં બાતિન (ta'wil) બાબતોનો અમલ કરવો. તેથી જ પયગમ્બરે એક દિવસ ફરમાવ્યું કે "તમારી વચ્ચે એક જણ છે જે એક દિવસ તા'વિલ (આંતરિક અર્થ) માટે લડશે જેમ હું તન્ઝીલ

(બાહેરી અર્થ) માટે લડતો હતો. આ પ્રસિધ્ધ વાત છે કે ઉપરોક્ત તા'વિલ (બાતિન) માટે લડનારા આપણા માલિક અલી હતા. હવે સવાલ એ ઉભો થાય છે કે પયગમ્બર સાહેબનો જાહેર (tanzil) માટે લડવાનો ધ્યેય એને અમલમાં મૂકવામાં આવે એ હતો. પરંતુ પયગમ્બરે ઈમામ અલી ઉપર તા'વિલ માટે લડવાની જવાબદારી શા માટે મૂકી હતી? શું તેઓ કુરાનના બાતિની હુકમોને લોકો સામે લઈ આવે એ માટે? આનો ઉત્તર એ છે કે કુરાનના જાહેર ભાગને અમલમાં મૂક્યા પછી એના બાતિનને અમલમાં મૂકવું જરૂરી છે, કારણ કે ઈસ્લામ એ કુદરતી ધર્મ છે અને કુદરતમાં પ્રગતિનો સમાવેશ છે. દ્રષ્ટાંત રૂપે નાના છોડનું મોટા વૃક્ષમાં પરિવર્તન થવું એ કુદરતી પ્રગતિ છે; અને બાળકનું એક સમજદાર માણસમાં રૂપાંતર થવું એ પણ એક કુદરતી વિકાસ છે. તેવી જ રીતે પયગમ્બરના વખતમાં ઈસ્લામ એક નાના છોડ બરાબર હતો જેને ઉગવું અને ખિલવું જ જોઈએ, તેથી જ ઈસ્માઈલી ફિરકો જ ઈસ્લામનું ઉત્તમ ઉદાહરણ છે. કેમ કે એમાં અમલમાં બાતિન એ જાહેરી બાબતોને અનુસરે છે.

સવાલ–૪ : ઈમામ શા માટે પશ્ચિમમાં વસવાટ કરે છે, અને પૂર્વમાં શા માટે નથી વસતા?

જવાબ–૪ : ઈમામના પશ્ચિમના દેશમાં વસવાટ કરવા પાછળ અસંખ્ય હિકમતો છુપાયેલી છે. એમાંની એક એ છે કે વર્તમાન સમયમાં ઈમામને એવા દેશમાં રહેવું જોઈએ જ્યાં તેઓ આંતરરાષ્ટ્રિય રીતે પ્રખ્યાત હોય અને ઈસ્લામ અને 'ઈસ્માઈલીઝમ'ના કામો ખૂબજ કાર્યક્ષમતાથી કરી શકે. ઈમામતના કુટુંબે પશ્ચિમી દેશોમાં રહીને મુસ્લીમોના હિતમાં મહાન કાર્યો સિધ્ધ કર્યા છે, એ વિધાનને સાબિત કરતા અસંખ્ય પૂરાવાઓ મળી આવે છે.

બીજી હિકમત એ છે કે જે શહેરમાં પયગમ્બર સાહેબને મોકલવામાં આવ્યા હતા. તે મક્કા શહેર છે, જેને કુરાનમાં 'ઉમ્મ–અલ–કુરા' (શહેરોની માતા) નું શિષર્ક આપવામાં આવ્યું છે (૬ : ૯૨). આનો અર્થ એ થાય છે કે ઈમામને સંપૂર્ણ જગત ઉપર અસર કરવા માટે એવા મોટા રાષ્ટ્રમાં રહેવું જોઈએ જે દુનિયાની

મહાસત્તાઓમાંથી એક હોય; અને એમાં આવી ઘણી હિકમતો છે.

સવાલ–૫ : કિબ્લા માટે તમારો દ્રષ્ટિબિંદુ શું છે ?

જવાબ–૫ : કિબ્લા માટેનો મારો દ્રષ્ટિબિંદુ કુરાનને મળતો જ છે. કહેવાનો અર્થ એ છે કે કિબ્લા એ શરિઅતી પ્રાર્થના માટે ફરજીયાત છે, પરંતુ બીજી પ્રાર્થનાઓ જેવી કે તસ્બીહ અથવા દુઆ, અથવા ઝીકરે–ઈલાહી (અલ્લાહનું સ્મરણ) માટે એ ફરજીયાત નથી. કેમ કે શરિઅતી ધોરણ પર કિબ્લાની ખાસ તાવિલ છે પણ તાવિલની બાબતોમાં એવું કાંઈ નથી એટલે કિબ્લાની જરૂરત નથી.

સવાલ–૬ : કેફી પીણાં (દારૂ) સંબંધી ઈમામની દોરવાણી શું છે ?

જવાબ–૬ : જે વસ્તુઓ શરિઅત મુજબ ગેરકાનુની છે એ ઈમામ મુજબ પણ ગેરકાનુની છે, ખાસ કરીને દારૂ જે બધી જ ખરાબીઓનું મૂળ છે. ફક્ત દારૂજ નહીં, ઈમામે તો ધુમ્રપાન ઉપર પણ બંધી ફરમાવી છે. ધુમ્રપાન જેવા ધીમા ઝેરના વપરાશની ઘણાએ છૂટ આપી છે. આ હકીકત હોવા છતાં કે ઈસ્લામ દરેક વસ્તુઓ જે તંદુરસ્તીને હાનીકારક છે એને ગેરકાનુની માને છે.

સવાલ–૭ : એવું કહેવાય છે કે તમોએ લગભગ સો જેટલાં પુસ્તકો લખ્યાં છે, શું એ સત્ય છે ?

જવાબ–૭ : હા, આ સાચુ છે.

સવાલ–૮ : તમારું દુન્યવી શિક્ષણ ક્યાં સુધીનું છે ?

જવાબ–૮ : ત્રીજું અને ચોથુ ધોરણ એક વર્ષમાં, બસ એટલું જ. (આ સાંભળી તેઓએ કહ્યું આ ખરેખર અદભુત છે.)

સવાલ–૯ : હઝરત અલી માટે તમારી માન્યતા શું છે ?

જવાબ–૯ : તેઓ અલ્લાહના ખલિફા, પયગમ્બરના વારસ (નિમેલા) અને ખરા ઈમામ છે.

સવાલ–૧૦ : એવું કહેવાય છે કે તમો જ્યારે ચીનમાં કેદ હતા ત્યારે તમો મહાન રૂહાની મોજીઝાઓમાંથી પસાર થયા હતા, શું આ સત્ય છે ?

ISW LS Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

જવાબ–૧૦ : હા, આ બાબત પણ સત્ય છે.

સવાલ–૧૧ : ઈસ્માઈલી દ્રષ્ટિબિંદુને પ્રમાણભૂત ઠરાવતી કુરઆનની આયતોનો ઉલ્લેખ કરવાની મહેરબાની કરી શકશો ?

જવાબ–૧૧ : આ બાબતને લગતી અસંખ્ય આયતો છે. એમાંનું એક દ્રષ્ટાંત આ છે, "અને તમે બધા અલ્લાહની રસ્સીને મજબૂત પણે વળગી રહો, અને છૂટા પડી જશો નહીં" (૩1 : ૧૦૩). આ આયતમાં એક તરફ ફિરકાઓમાં છૂટા પડી જવાની બિમારીનો અને બીજી તરફ એના ઈલાજનો ઉલ્લેખ છે; અને ફિરકાઓમાં છૂટા પડી જવાનો (બિમારીનો) ઈલાજ અલ્લાહની રસ્સીને મજબૂત પણે વળગી રહેવામાં જ છે. અમારી માન્યતા પ્રમાણે અલ્લાહની રસ્સી પ્રથમ પયગમ્બર અને તે પછી ઈમામતની સાંકળ છે. આ મુજબ જો પયગમ્બર પછી લોકો ઈસ્માઈલીઓની જેમ ઈમામના પવિત્ર દામનને જ પકડી રાખતે તો તેઓ જુદા જુદા ફિરકાઓમાં છૂટા પડી જઈ, અલ્લાહના આ હુકમની નાફરમાની નહી કરતે. આના વિરોધમાં કોઈ એક મત પ્રમાણે જો ફક્ત કુરાન તથા ઈસ્લામ જ અલ્લાહની રસ્સી હતી તો ઈસ્લામ અને કુરાનને મજબૂત પણે વળગી રહેવા છતાં મુસ્લીમો શા માટે જુદા જુદા ફિરકાઓમાં વ્હેંચાઈ ગયા, જ્યારે અલ્લાહની રસ્સીનો જાતિસ્વભાવ એ છે કે જો લોકો એને વળગી રહેતે તો તેઓ એકત્રિત રહી એક મત ધરાવતે.

આ સંબંધમાં બીજી આયત છે કે "અને તે જે અલ્લાહને મજબૂત પણે વળગી રહેશે, એને સીધા રસ્તાનું માર્ગદર્શન જરૂર મળશે" (૩1 : ૧૦૧). અહી એ જાણવું મહત્વતા ધરાવે છે કે જો કોઈ સાધન વિના અલ્લાહને વળગી રહેવાની શક્યતા હોતે, તો અલ્લાહને પોતાને મૂકી, એની રસ્સીને મજબૂત પણે વળગી રહેવાની જરૂરત ઉત્પન્ન થતી નથી.

બેશક, આ આયત એવું જાણાવે છે કે અલ્લાહને વળગી રહેવાનો અર્થ એની રસ્સીને વળગી રહેવું એમ થાય છે; અને આયત (૩ : ૧૧૦)માં ઉભા થતા પ્રશ્નનો ઉત્તર અલ્લાહ આયત (૩ : ૧૦૩) દ્વારા આપે છે; અને તે ઉત્તર એ છે

કે અલ્લાહની રસ્સી એ અલ્લાહનો પ્રતિનિધિ, એટલે કે ઈમામતની સાંકળ છે, જેની સાથે દિવ્ય માર્ગદર્શન સંકળાયેલું છે.

આ સંબંધમાં ત્રીજી આયત આ છે, "ઓ જેઓ ઈમાન લાવ્યા છો, તાબેદારી કરો અલ્લાહની અને તાબેદારી કરો રસુલની અને તાબેદા રી કરો તમારામાંથી તેઓની જેની પાસે હુકમ કરવાની સત્તા છે" (૪ : ૫૯). આ હુકમમાં ત્રણ જાતની તાબેદારીને ફરજીયાત બનાવવામાં આવી છે : અલ્લાહની તાબેદારી, પયગમ્બરની તાબેદારી અને તેઓની તાબેદારી જેની પાસે સત્તા છે. ત્રીજી તાબેદારી એ ઈમામોના માર્ગદર્શન (ઐઈમા–એ–હુદા)ની તાબેદારી છે, જે એક લાંબી સાંકળ રૂપે ફેલાયેલી છે, જેમાં દરેક ઈમામને સાહિબે–અમ્ર (હુકમના માલિક) તરીકે નવા પ્રશ્નોને અનુરૂપ પોતાના ફરમાનો કરવાનો અધિકાર છે, જેથી મોમીન જમાનાના ઈમામના ફરમાનોની તાબેદારી કરીને દિવ્ય હુકમને પરિપૂર્ણ કરી શકે, આ મુજબ અલ્લાહ તથા પયગમ્બરની તાબેદારી ઉપરાંત, જમાનાના ઈમામની તાબેદારીને ફરજીયાત બનાવવામાં આવી છે. આ ઈસ્માઈલી માન્યતાઓનો ટુંક ચિતાર છે.

**નસીર અલ–દિન નસીર હુંઝાઈ,**
તારીખ : ૯–૮–૧૯૮૦.

**નોંધ :** જો કોઈ સાચો ઈસ્માઈલી આ સવાલ–જવાબોનું સાવચેતીથી વાંચન કરશે અને ઈમામના દરજ્જાને સમજી શકશે; તો મૌલા એની ઉપર રાજી રહેશે, કારણ કે અહીં પુષ્કળ ઊંચા દ્રષ્ટિબિંદુઓ દર્શાવેલા છે અને એક જ ઉત્તરમાં ઘણા પ્રશ્નોને આવરી લેવામાં આવ્યા છે.

# ૩. ઈબાદતમાં સફળતા પ્રાપ્ત કરવાનું મહાન રહસ્ય

ઈબાદતમાં વસવસાને કેવી રીતે દૂર કરી અથવા ઘટાડી શકાય અને એનાથી બચવાનો શું ઉપાય છે ?

સૌ પ્રથમ તો એ જાણવું જરૂરી છે કે "વસવસો" એ શું છે અને એના માનસિક અસ્તિત્વના કારણો શું છે ? જેમ કોઇ પણ રોગના લક્ષણોનું ચીવટથી નિદાન કરવાથી એને જડમૂળમાંથી દૂર કરવાની શક્યતા રહે છે. કુરાનને તપાસવાથી આપણને વસવસો (waswasah) શબ્દ પાંચ જુદી જુદી આયાતોમાં મળી આવશે. આ આયાતો આ પ્રમાણે છે : ૭ : ૨૦; ૨૦ : ૧૨૦; ૫૦ : ૧૬; ૧૦૪ : ૫; ૧૧૪ : ૪.

વસવસો શબ્દના જાત જાતના તરજુમાઓ મોજૂદ છે અને બીજા ઘણા થઇ શકે છે. પરંતુ આ સંબંધિત બંધબેસ્તો ને સમજી શકાય તેવો તરજુમો આ પ્રમાણે છે. " વ્યાકુળ તથા શાંતિભંગ કરતા વિચારો" આ વિચારો જે ધ્યાનને બીજે રસ્તે વાળવાનાં સર્વે સાધનો પૂરાં પાડે છે, એનું ઇન્સાનના હૃદયમાં ઉત્પન્ન થવાનું કારણ શેતાન છે, અને એ વિભિન્ન શબ્દો તથા શબ્દોના અર્થો સ્વરૂપે ઉપસ્થિત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વસવસો નામ એ અમાન્ય તથા અણગમતી આંતરિક પરિસ્થિતિને આપવામાં આવ્યું છે, જે હૃદય, મન અને આંતરિક સમજશક્તિ ઉપર ભિન્ન ભિન્ન અંશે સત્તા ચલાવે છે. તેના અંધારા અને કાળાશથી કોઇ પણ બાકાત નથી રહેતું સિવાય કે માર્ગદર્શનના પ્રકાશ (નૂર-એ-હિદાયત)ની જેને મદદ હોય.

વસવસો એ વસવાસ તરીકે પણ સંબોધાય છે, જેનું બહુવચન વસાવિસ છે. આ એક પ્રકારનો વિશિષ્ટ રોગ છે જેમાં અનોખા પ્રકારના બિનજરૂરી વિચારો બિમાર વ્યક્તિને કષ્ટ આપે છે. વસવસાના આ દ્રષ્ટાંતમાં એ બિમારીના

રૂપમાં માણસોની સામે આવે છે. એ માટે ખુદાઇ (divine) નિયમ જ્ઞાનભરી ભાષામાં બુધ્ધિશાળી લોકોને ક્હે છે કે વસવસો બાહેરી રૂપમાં તમારી અંદર છુપાયેલો છે અને તમે એને સહેલાઇથી જોઇ શકો છો, પરંતુ તમારી અજ્ઞાનતા થકી તમને એ અપ્રિય નથી. પરંતુ બુધ્ધિવંત લોકોએ આને શેતાનની જાળ અને ઝેરી તીર સમજી પોતાનો બચાવ કરવાની કોશિષ કરવી જોઇએ.

આ સંબંધમાં બીજું ઉદાહરણ જેનો ઉલ્લેખ અહી કરવો જરૂરી છે, એ ગાંડી વ્યક્તિનો છે. અરબી ભાષામાં પાગલ શબ્દને મજનૂન અને પાગલપણાને જૂનૂન ક્હેવામાં આવે છે. જૂનૂન શબ્દ જીન્ન (= શેતાન)માંથી આવ્યો છે. આનો અર્થ એ છે કે જૂનૂન અથવા પાગલપણાના ઉત્પન્ન થવાનું કારણ શેતાન છે. જેવી રીતે કુરાનમાં (૭ : ૧૮૪; ૨૩ : ૨૫; ૭૦; ૩૪ : ૪૬) જીન્નનો વપરાશ જૂનૂનના (= ગાંડપણ) અર્થમાં કરવામાં આવ્યો છે. શબ્દોની એવી જ પધ્ધતિ ફારસી ભાષામાં પણ ઉપસ્થિત છે. જેમાં પાગલને દિવાના (= મજનૂન), પાગલપણાને દિવાનગી (= જૂનૂન) અને શેતાનને (= જીન્ન) ક્હેવામાં આવે છે. આ રીતે શબ્દ મજનૂન હોય કે દિવાના હોય, કોઇ પણ પરિસ્થિતિમાં જૂનૂન અથવા દિવાનગી (= ગાંડપણ) ઉત્પન્ન થવાનું કારણ શેતાન છે. જેવી રીતે પવિત્ર કુરાન ફરમાવે છે :

"ખન્નાસ (= શેતાન) જે વસવસો (= જૂનૂન, દિવાનગી) માનવજાતિના હ્રદયમાં ઉત્પન્ન કરે છે, એ જીન્ન અને માનવીઓમાંથી હોય છે" (૧૧૪ : ૪–૬).

આ સમજણ આપવાનું કારણ એ દેખાડવાનું છે કે જો કોઇને શેતાની વસવસાનું ખુલ્લું પ્રદર્શન શારીરિક રૂપમાં જોવાની ઇચ્છા હોય, તો ગાંડો માણસ જેના મનમાં શેતાન દ્વારા પેદા કરેલા વસવસાને ગાંડપણ અને ઘેલછા (ચિત્તભ્રમ)ના રૂપમાં, કેવી લાચારભરી સ્થિતિમાં વ્યક્ત કરે છે, તેનું નિરીક્ષણ કરવું જોઇએ. આ બાબતમાં કોઇ શંકા નથી કે એના ન માની શકાય એવો દરેક ઉચ્ચાર અને દરેક ઘેલછાભરી હિલચાલ એ જુદા પ્રકારના વસવસા હેઠળ વ્યક્ત કરાયા છે.

અહીં ખુદાઈ બુધ્ધિના નિયમોનો ઉલ્લેખ કરવો અત્યંત જરૂરી છે, એટલે કે અલ્લાહ બુધ્ધિવંતે, નસીબદારો સમજી શકે એ માટે એવા ઘણા દ્રષ્ટાંતો સર્જ્યાં છે, જે માણસના આંતિરક લક્ષણોનાં પ્રતિક છે. ઉદાહરણ તરીકે, સસલો એ નિદ્રાનું પ્રતિક છે; ગાય ખાઉધરાપણાની; સાપ અને ઊંટ કિન્નાખોરીનાં; કૂતરો ત્રાસનો; કાગડો, મોર એ મિથ્યાડંબર અને પ્રણયનો ઉપકરનાર, એ જ પ્રમાણે ગાંડી વ્યક્તિ તીવ્ર વસવસાની નિશાની છે જે દુરાચારી માણસના હ્રદય અને મનમાં વસે છે.

અત્રે રજુ કરેલી આયતમાં પણ મુખ્ય જ્ઞાન છુપાયેલું છે : "જે લોકો વ્યાજ ખાય છે તેઓ (કયામતના દિવસે) ઊભા રહી શકશે નહીં. પરંતુ એવી વ્યક્તિની જેમ ઊભા રહેશે જેને શેતાન પોતાના સ્પર્શ દ્વારા દિગ્મૂઢ કરી નાંખ્યા છે. આ કારણસર તેઓ કહે છે કે વેપાર અને વ્યાજખોરી એકસરખા છે પણ વેપારને અલ્લાહે વાજબી (હલાલ) માન્યું છે જ્યારે વ્યાજખોરી ગેરવાજબી (હરામ) છે" (૨ : ૨૭૫). આ આયતની તાવિલ (ગૂઢાર્થ)નો સાર એ છે કે કુરાનના સર્વે ઉદાહરણો અંતે એક જ મધ્યબિંદુ ઉપર કેન્દ્રિત થાય છે. આ રીતે સાચું જ્ઞાન જે માર્ગદર્શનના પ્રકાશ (light of guidance)ની તાબેદારીના પરિણામ રૂપે આપવામાં આવે છે. એ એવો વેપાર છે જેને અલ્લાહે માન્ય રાખ્યું છે અને જ્ઞાન, જે લોકો હુકમની તાબેદારી વગર મેળવે છે એ વ્યાજખોરી બરાબર છે, જેના ઉપર અલ્લાહે બંધી મૂકી છે. આ એવું જ્ઞાન છે જેના કારણે તેઓની ઇન્દ્રિઓ શેતાનના સ્પર્શથી દિગ્મૂઢ થયેલી વ્યક્તિની (ઇન્દ્રિઓની) જેમ કયામતના દિવસે કામ કરી શકશે નહી. તદનુસાર એ યાદ રાખવું જોઈએ કે જો કે શેતાન (લોકો ને ઊંધા માર્ગે દોરવવા માટે) સ્વતંત્ર છે છતાં આ સ્વતંત્રતા પણ નિયમો હેઠળ આવે છે જે પ્રમાણે અલ્લાહના સાચા ગુલામોનું બુરાઈથી રક્ષણ કરવામાં આવે છે.

માણસની શ્રેણીકરણી તથા ધાર્મિક વૃત્તિઓ પ્રમાણે વસવસો વધે છે અથવા ઘટે છે. જે વ્યક્તિના હ્રદયમાં ધર્મ, ઈમાન અને સદાચાર વસે છે, એવી વ્યક્તિને પ્રભાવિત કરવામાં શેતાન હંમેશા નિષ્ફળ રહે છે અને નિરાશ થાય છે. જે કુરાનમાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે : "અને હું તેઓ દરેકને ઊંધા રસ્તે

ઘેરી જઇશ સિવાય કે જેઓ તારા સાચા ગુલામ છે (જેઓ મારી જાળમાં ફસાશે નહિ) (૧૫ : ૩૦–૪૦).

એ ભુલવું ન જોઇએ કે શેતાન જીન્ન અને માનવજાત બેઉમાં છે. આનો ઉલ્લેખ અગાઉ પણ કરવામાં આવ્યો છે અને અમો એ બંને માટે તમોને સાવચેત કરવા ઈચ્છીએ છીએ. શેતાન પાસે (લોકોને) ઊંધે રસ્તે દોરી જવા એટલે કે ઈબાદત દરમિયાન ધ્યાનને બીજે દોરી જવા માટે ફક્ત એક જ સાધન છે; અને તે વસવસો છે, જે એક રીતે જોવામાં આવે તો ખૂબજ અશક્ત છે, જે કુરાનના જ્ઞાન (wisdom) પ્રમાણે બીજું કાંઇ નહી પણ અવાજ (બિ–સ્વતિકા, તેઓના અવાજ સાથે–bi- sawtika, with thy voice, ૧૭ : ૬૪) છે.

શેતાનનો અવાજ બહારથી તથા અંદરથી બંને રીતે અત્યંત અશક્ત છે અને અલ્લાહના દોસ્તો માટે નકામો છે, પરંતુ શેતાનના પોતાના દોસ્તો માટે એ ખૂબજ આકર્ષિત અને સુખદાયક છે. એથી જ આ દુનિયાના ઘણા લોકો શેતાનને અનુસરે છે.

અલ્લાહના સાચા દોસ્તો શેતાનના અવાજ સાથે પોતાના અવાજ દ્વારા એવી મુત્સદીથી લડે છે કે તેઓ નિરંતર અલ્લાહના પવિત્ર નામનું સ્મરણ (dhikr+) ઝિકર) અંતરની જીભ (Spirit) થી સફળતાપૂર્વક અને નિર્વિઘ્ને કરે છે. તેઓ જમાનાના ઈમામ તરફ બાહરથી અને આંતરિક રીતે જોવે છે અને એના ફરમાનો પ્રમાણે ચાલે છે જેથી અલ્લાહ તેમને શાંતિના માર્ગ ઉપર દોરે છે (૫ : ૧૫–૧૬).

કેટલાક લોકો માટે શેતાનના આક્રમણથી પોતાને બચાવવું મુશ્કેલ હોય છે, કારણ કે તેઓ શેતાનના આક્રમણો અને તેના લશ્કરને જાણતા નથી. ન તો તેઓ પોતાના દિલ અને મનોબળની સ્થિતિની અગત્યતાને સમજી શકે છે. જો તેઓ આ વસ્તુઓથી જાણકાર હોતે તો તેઓ માટે પોતાનું રક્ષણ કરવાનું સહેલું થતે.

અલ્લાહ જ્યારે એના અત્યંત ગૌરવશીલ પુસ્તક કુરઆનમાં ફરમાવે છે "બિ–સ્વતિકા–એના અવાજ સાથે" (૭: ૬૪), શેતાનનો ઉલ્લેખ છે, ત્યારે જે લોકો

ખુદાઈ મદદ હેઠળ છે તેઓ પોતાના માલિક, પરમાર્થીનો જ્ઞાનભર્યો ઉલ્લેખ–કે શેતાન પોતાના લશ્કર, જેમાં જીન્ન અને માનવજાતિનો સમાવેશ છે, તેની સહાયતાથી કેવા કામ કરે છે, એને સમજી જાય છે. કારણ કે શેતાનના અવાજનો અર્થ ફક્ત આંતરિક વસવસો જ નથી પણ એનો (અવાજનો) ઘેરાવો દુનિયામાં દૂર સુધી ફેલાયેલો છે. જો કે આ ઘેરાવાથી પોતાનું રક્ષણ કરવા માટે બે વસ્તુઓ આપણા માટે અત્યંત જરૂરી છે; તે છે બંદગી અને સાચું જ્ઞાન (true knowledge) કારણ કે હકીકતમાં આ બંને પ્રકાશિત અવાજો છે જે શેતાનના અવાજનો સંપૂર્ણ નાશ કરે છે.

પવિત્ર કુરાનના નિર્દેશન, જેમાં આ પહેલાં પણ કહેવામાં આવ્યું છે કે અલ્લાહના નિખાલસ (મુખલીસ) ગુલામ ઉપર શેતાનની સત્તા ચાલતી નથી. અહીં અમો "મુખલીસ" (=નિખાલસ) શબ્દની હિકમત સમજાવવા ઇચ્છીએ છીએ. મુખલીસ એટલે તે મોમીન ગુલામ જેનામાં નિખાલસતાનો ગુણ છે. ઇખલાસ (=નિખાલસતા, વિશુદ્ધતા)ના બે સ્થળો અથવા બે વિભાગ છે જે ફરીને જ્ઞાન અને બંદગી જ છે જેમાં સર્વે કર્મોનો સમાવેશ થયેલો છે. એને જ ઉદ્દેશીને અહીં કહેવામાં આવ્યું છે કે જો જ્ઞાન સાચું હોય તથા દરેક જાતના ભેળસેળ અને ખરાબીથી મુક્ત અને "નિર્મળ (ખાલિસ)" હોય તો મોમીનનું જ્ઞાન ખોટી દંતકથાઓ, પ્રણાલિકાઓ, અને ઉટપટાંગ મતોથી શુદ્ધ (પવિત્ર) થશે; અને આ થકી સર્વે આમાલ પણ શુદ્ધ થશે. બંદગી પણ અનિવાર્ય પણે વિશુદ્ધ થશે, એ પછી ખુદાઇ વચન પ્રમાણે શેતાન નિખાલસ (મુખલિસ) ગુલામ ઉપર સત્તા ચલાવવામાં નિષ્ફળ નિવડશે.

અહીં એ યાદ રાખવું જરૂરી છે કે ઇખલાસ એ કુરાનના વિષયોમાં અગત્યના પદ ઉપર છે. જ્ઞાનથી ભરપૂર વિષયના આ અતિસુંદર શબ્દની ઉત્પત્તિ "ખે–લામ–સ્વાદ"ના મૂળમાંથી થઇ છે, જેના બાર વ્યુત્પત્તિઓનો ઉલ્લેખ કુરાનમાં એકત્રિસ જગ્યાએ કરવામાં આવ્યો છે. શબ્દકોષ પ્રમાણે "ઇખલાસ" એટલે કે ખલસ (ખુલુસ)ના મૂળાક્ષરનો શાબ્દિક અર્થ શુદ્ધ, નિર્મળ અથવા ભેળસેળ

વગરનું એવું થાય છે.

એ કુરાનનો બુદ્ધિશાળી સિદ્ધાંત છે કે એની વિદ્યાને રજૂ કરવાની પધ્ધતિમાં વિષયની અંદર વિષય સમાયેલો હોય છે. અર્થાત દરેક વિષયોની અંદર બીજા ઘણા વિષયો સમાયેલા હોય છે. એ મુજબ જ્ઞાનથી ભરેલો વિષય ઈખલાસ જેને સંબંધિત અથવા સીધા શબ્દનો ઉલ્લેખ ફક્ત એકત્રીસ જગ્યાએ કરવામાં આવ્યો છે, તેમાં બીજા ઘણા મહાનુભવી વિષયો પણ મળી આવે છે. આ વિષયોમાંથી અગત્યના એક વિષયમાં એ જોવાનું છે કે અલ્લાહે પોતાના પવિત્ર ધર્મ (દીને-ખાલિસ)નો ઉલ્લેખ કેવી ઉત્તમ રીતે કર્યો છે. અલ્લાહનો પવિત્ર દીન એના સાચા ગુલામ (મુખલિસ)ને માન્ય છે જેની માન્યતાઓ ઉટપટાંગ મતોથી નિર્મળ હોય છે. તેનું જ્ઞાન ખોટી પ્રણાલિકાઓથી મુક્ત હોય છે અને તેની ભક્તિ કૃત્રિમ ખુદાઓની ભક્તિના ભેળસેળથી નિર્મળ હોય છે; અને જે અલ્લાહના ધર્મમાં છે એ એના કિલ્લામાં છે. કહેવાનો અર્થ એ છે કે તે અલ્લાહની પનાહમાં છે અને તેથી જ પથ્થર મારનાર શેતાન તેની વિરૂદ્ધ કાંઇ કરી શક્તો નથી.

આ વિષયનો ટુંક સાર એ છે કે (શેતાની) વસવસાના બે તબક્કાઓ છે. પ્રથમ તબક્કો ઘણો અઘરો અને અતિશય મુશ્કેલ છે, કારણ કે આ તબક્કામાં શેતાન મોમીનના હાથમાંથી ઈમામે જમાનના પાક દામનને છોડાવવાની પોતાનાથી બનતી કોશિષ કરે છે; અને મોમીન જ્યારે ખુદાઇ રહેમત દ્વારા સાવચેતી પૂર્વક અહીંથી આગળ વધે છે ત્યાંથી બીજો તબક્કો શરૂ થાય છે. બીજો તબક્કો ન તો પહેલા તબક્કા જેટલો મુશ્કેલ છે, ન તો એમાં પહેલા તબક્કાની જેમ સીધો રસ્તો છોડીને અવળે રસ્તે ચડી જવાનું મોટું જોખમ સમાયેલું છે. જે કોઇ મુશ્કેલી અહીંયા ઉત્પન્ન થાય છે એને અલ્લાહના વિપુલ સ્મરણ (ઝિકર)થી દૂર કરી શકાય છે કેમકે જો મોમીન અલ્લાહને વિપૂલ પ્રમાણમાં યાદ કરે તો બીજા તબક્કાના વસવસાહથી છુટકારો પામી શકે છે. આના અનુસંધાનમાં ઝિકરની મહત્વતાને કુરાનની દ્રષ્ટિમાં તપાસવું યોગ્ય ગણાશે. આ સંબંધિત કુરાનમાં પુષ્કળ આયતો છે. ખાસ કરીને આયત (૭૦ : ૧૦), જેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે બાહેરી અને આંતરિક

રીતે વિપૂલ ઝિકર (ઝિકર-એ-કસીર-મહાન ઝિકર) એ ખુદાઇ કૃપા અને સફળતા મેળવવાનો માર્ગ છે.

અંતમાં ઉપર દર્શાવેલા વસવસાહના બે તબક્કાઓનાં કારણોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. કુરાનમાં દર્શાવેલા જ્ઞાન મુજબ વસવસાનો પહેલો જોખમકારક તબક્કો એ શેતાન નિર્મિત છે; અને બીજો નિર્બળ તબક્કો એ (ઇન્સાનના) જાતિય સ્વભાવ નિર્મિત છે. જેવી રીતે અલ્લાહ કહે છે "ખરેખર અમોએ માનવીને પૈદા કર્યો છે અને અમે જાણીએ છીએ કે એની જાતિય પ્રકૃતિ એના માટે કેવો વસવસો ઉત્પન્ન કરે છે અને અમો એના ગળાની ધોરી નસથી પણ વધારે નજીક છીએ" (૫૦ : ૧૬).

આ આયતનું તાવિલી (રહસ્યમય) જ્ઞાન એ છે કે અલ્લાહે માનવીને શારીરિક સ્વરૂપ આપ્યું છે અને એ એને આત્મિક સ્વરૂપ પણ આપવાનો છે પરંતુ અલ્લાહ જાણે છે કે આત્મિક ઉત્પતિમાં વિલંબ શા માટે થાય છે. આ વિલંબનું કારણ નફસી વસવસાહ છે જેનો ઇલાજ દિવ્ય જ્ઞાનમાંથી (હકીકત) લાભ ઉઠાવવામાં છે. આ જ્ઞાનના પ્રકાશથી એ જાણી શકાય છે કે જાતિય સ્વભાવ કેવો વસવસો પેદા કરે છે. એનો ઇલાજ શું ? અને કેવા પ્રકારની દિવ્ય મદદ (divine help) અલ્લાહ તરફથી મેળવી શકાય છે, કારણ કે એ (અલ્લાહ) ગળાની ધોરી નસથી પણ નજીક છે.

આ સ્પષ્ટીકરણ વિશેષમાં દેખાડે છે કે શેતાન નિર્મિત વસવસા અને પ્રાકૃતિ નિર્મિત વસવસા (waswasah of satan and that of the mab-s)માં ધ્યાન ખેંચે એવો મુખ્ય તફાવત રહેલો છે. જો કે પ્રાકૃતિક વસવસાની સરખામણી શેતાની વસવસા સાથે અમુક સ્થિતિમાં જ કરવામાં આવી છે. તેમ છતાં અહીં સવાલ ફક્ત સુધારો અને પ્રગતિ કરવાનો છે, નહી તો હકીકતમાં દુન્યવી પ્રકૃતિ (Nafs) ઇમામની દુશ્મ- થઇ શકે નહીં, જો કે શેતાન એનો (ઇમામનો) દુશ્મન છે. ખુદાઇ નિયમ પ્રમાણે શેતાનના માનવી તથા જીન્ન સાથેના સઘળા વાર્તાલાપ, આમ દેખાવે તો સુંદર હોય છે અને તેથી જ કુરાન તેઓને સત્યભાષ

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

કરાવતો વાર્તાલાપ (Zukhraf) (૬ : ૧૧૨) તરીકે સંબોધે છે. જે વસવસા છે. એ મુજબ જે મોમીન ઈમામના દુશ્મન સાથેના વાર્તાલાપથી દૂર રહે છે તેને શેતાનના વસવસાથી રક્ષણ મળે છે. વિશેષમાં જો એ મોમીન સાચા જ્ઞાનના પ્રકાશથી બંદગીમાં પ્રગતિ સાધે, અને અલ્લાહની બેહદ યાદનો માર્ગ અપનાવે તો એ દુન્યવી પ્રાકૃતિ નિર્મિત વસવસાથી પણ મુક્ત થઇ શકશે.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# ૪. અસલમાં વાસિલ અને ફના થવાની હકીકત

## (મૂળમાં એકત્રિત અને નાશ પામવાની વાસ્તવિકતા)

આ અગત્યના વિષય <u>અસલ</u>નો અર્થ મૂળ અથવા માનવીના આત્માનું ઉત્પાતિસ્થાન થાય છે, જ્યાંથી એ સૂર્યના પ્રતિબિંબની જેમ આ દુનિયામાં આવ્યો છે. શબ્દાનુસાર <u>અસલ</u>નો અરબી ભાષામાં અર્થ મૂળ, જેનું બહુવચન <u>ઉસુલ</u> એટલે મૂળિયાં થાય છે. <u>ઉસુલ–એ–દીન</u> એ આ અર્થમાં વપરાયું છે જેનો અર્થ ધર્મના મૂળિયાં અથવા આવશ્યક તત્વો થાય છે. અસલનો અર્થ પ્રાથમિક તથા અસ્તિત્વ પણ થાય છે. '<u>વાસિલ</u>' શબ્દ 'વસાલા'માંથી આવ્યો છે જેનો અર્થ એક થવું થાય છે. તેથી જ <u>વાસિલ</u> એટલે એક થઇ જનાર એવું થાય છે. <u>ફના</u> (Annihilation)ના ખરા અર્થો સંપૂર્ણ સુધારો, વિશુદ્ધિકરણ અને દુન્યાવી પ્રકૃતિને ઓગળાવી નાખવું એમ થાય છે.

આ વિષય બે વસ્તુઓ સૂચવે છે : <u>અસલ</u> અને <u>નકલ</u> (મૂળ અને મૂળ પરથી અનુકરણ કરેલું). અહીં આગળવધવા પહેલાં એ કહેવું સાર્થક ગણાશે કે અમુક વસ્તુઓના અસલી અને નકલી રૂપમાં બહુ મોટો તફાવત હોતો નથી, જ્યારે બીજી વસ્તુઓની બાબતમાં દુનિયાભરનો તફાવત હોય છે. દ્રષ્ટાંત તરીકે મૂળ પુસ્તક અને એની નકલ કરેલા પુસ્તકમાં બહુ વધારે તફાવત નથી હોતો પરંતુ વ્યક્તિ અને એની તસ્વીર, જે ચાલતી ફરતી 'ફિલ્મ' હોય કે પછી કાગળ ઉપર હોય, તેમાં ખૂબ જ તફાવત હોય છે.

આપણા દરેકના વ્યક્તિગત દ્રષ્ટાંતો આપણા મૂળ અથવા ઉદ્દભવસ્થાન– ઉચ્ચ જગતના સંબંધમાં એક વ્યક્તિ અને તેની તસ્વીર જેવા છે. કહેવાનો અર્થ એ છે કે ઉચ્ચ જગત (higher world)માં ઇન્સાન એક સંપૂર્ણ વ્યક્તિ છે અને આ દુનિયામાં એ કાગળ ઉપરની તસ્વીર અથવા ચલચિત્રની તસ્વીર માફક છે. આ દ્રષ્ટાંતમાં એ દેખીતું છે કે તસ્વીર એક વખત કાઢી લીધા પછી વ્યક્તિના

ચહેરા ઉપર ચોંટાડી શકાતી નથી અને એની આવશ્યકતા પણ રહેતી નથી, કારણ કે તસ્વીર લેવાથી વ્યક્તિમાં કાંઇ ઓછાપણું કે ખાલી સ્થાન દેખાતું નથી. તેવી જ રીતે કોઇ વ્યક્તિની અથવા એની પોતાની જાત (lower I)ની શારીરિક દ્રષ્ટિએ એના મૂળમાં એક થઇ જવાની શક્યતા નથી રહેતી, ન તો એની જરૂરત રહે છે, કારણ કે ઉચ્ચ આત્મા તો એના મૂળમાં પહેલાંથી એક થઇ ગયો હોય છે અને એની પોતાની જાતને આ દુનિયામાં આવવાથી એના આત્મામાં ઓછાપણું આવી જતું નથી.

મૂળમાં ભળી જવું તથા શારીરિક અર્થમાં અસ્તિત્વનો સંપૂર્ણ નાશ (annihilation) થવાનો અર્થ રૂહાની ઉડાણ એટલે કે નૂરાની સાંનિધ્ય અને સમીપતા થાય છે. આવો સંપૂર્ણ નાશ મૃત્યુ પછી જ નહી પણ આ જીંદગી દરમિયાન પણ મેળવી શકાય છે. વિશેષમાં આ પદ ફક્ત પયગંબરો અને ઇમામો જ પામી શકે છે એવું નથી. પરંતુ સાચા મોમીનો જે તેઓને અનુસરે છે તેઓ પણ પામી શકે છે. આ અર્થમાં કુરાન ફરમાવે છે "ખરેખર અલ્લાહનો સંદેશો લાવનારમાં તમારા માટે એક શ્રેષ્ઠ વ્યક્તિનું દ્રષ્ટાંત સમાયેલું છે જે અલ્લાહ અને અંતિમ દિવસ (ઇમામ) તરફ નજર રાખે છે અને અલ્લાહનું ખૂબજ સ્મરણ કરે છે" (૩૩ : ૨૧). આ આયતની તાવિલનો સાર (તત્વ) એ છે કે અલ્લાહ અને ઇમામ તરફ જે દ્રષ્ટિ રાખે છે (અહીં અંતિમ દિવસ ઇમામ માટે વપરાયું છે), અને અલ્લાહનું અતિશય સ્મરણ કરે છે, તે પયગંબરને રૂહાની જગતમાં અનુસરી શકશે અને અસલ સાથે એકરૂપ થઇ જશે.

મન્સુર–એ–હલાજ સુફીઓની દુનિયામાં ખૂબજ પ્રસિદ્ધ છે. એનો ઇસ્માઇલી દાઇઓ સાથે સંપર્ક હતો. એણે ફના (સંપૂર્ણ નાશ)નો દરજ્જો અને અસલ સાથે એક્તા આ જ જીંદગીમાં મેળવી હતી. મન્સુરની જેમ ઘણા નસીબદાર આત્માઓ આ દુનિયામાંથી પસાર થયા છે જેઓ એ પોતાની હયાતી દરમિયાન પોતાના અસલ સ્થાનમાં એક થવાની ભાવના અનુભવી શક્યા હતા. પરંતુ આ અનુભવની હંમેશા જાહેરાત કરવી એવું જરૂરી નથી, કારણ કે આ એક મહાન રહસ્ય

છે જે ખાસ પસંદગી (Khawas) પામેલાઓને જ થાય છે. કુરાનમાં દર્શાવેલી હકીકત મુજબ હઝરત મુસાએ જ્યારે પહેલી વખત "સિનાઇ પહાડની અગ્નિ" (અગ્નિ= અલ્લાહનું દેખીતું પ્રગટીકરણ) જોઇ અને ખુદાઇ જાણકારી સાંભળી ત્યારે તેઓની જાણમાં આવ્યું કે આ અતિશય પવિત્ર અગ્નિની અંદર અને આસપાસના વાતાવરણમાં, એટલે કે અનોખા સાંનિધ્યમાં સંખ્યાબંધ નસીબવંતા રૂહો ફના થઇ ગયા હતા અને બીજા અનેક ફના થઇ રહ્યા હતા (૨૭:૮). જો આપણે સ્વીકારી લઇએ કે આ અગ્નિનો દરજ્જો માર્ગદર્શનના પ્રકાશ (નુર-એ-હિદાયત)નો હતો, એટલે કે, સાચા માર્ગદર્શકના પ્રકાશ (હાદી-એ-બરહક)નો નહી કે ખુદાઇ તત્વ (divine essense), (જાત-એ-સુબહાન) જેના તરફ આ આયત ઇશારો કરે છે, તો હકીકત અને મા'રફતો (હકાઇક-ઉ-મા આરિફ)નો માર્ગ સ્પષ્ટ થઇ જાય છે; અને આપણા માટે એ કહેવું અને સમજવું સહેલું રહેશે કે મોમીનોના રૂહ આ પવિત્ર અગ્નિ સાથે સંકળાયેલા છે જે આ દુનિયામાં અલ્લાહના પ્રતિનિધિ રૂપે જુદા જુદા અંશમાં હોય છે. પ્રકાશને સમજી શકાય અને ધ્યાન ખેંચે એવું ઉદાહરણ આગ છે. પ્રકાશ (નુર)ને ચાહનારાઓના રૂહ (અગ્નિમાંના) લોખંડના ટૂકડાઓ માફક છે અને કહેવાય છે કે તેમાંથી કેટલાક આ પ્રકાશિત અગ્નિમાં લાલ અંગારામાં રૂપાંતર થયા હતા અને કેટલાક આ કક્ષાની ખૂબજ નજીક હતા, જેના પરિણામે તેઓ જે પામવાને હકદાર હતા એ પામી શક્યા. એટલે કે રોશની અને ગરમી. રોશની અને ગરમીના હજારો અર્થો અને અગણિત ગુણો થાય છે. કારણ કે તેઓ ભૌતિક વસ્તુઓની જેમ મર્યાદિત નથી.

આ જ્ઞાનથી ભરપૂર વ્યાખ્યાનમાં પ્રકાશને આગ તરીકે સંબોધવાનું કારણ એ છે કે અગ્નિ આપણી સમક્ષ હોય છે અને એની કાર્યશક્તિને આપણે નિરખી શકીએ છીએ. અર્થાત આપણે જોઇ શકીએ છીએ કે અગ્નિ કેવી રીતે લોખંડના ટૂકડાનું પરિવર્તન પોતાના રંગ અને પ્રકૃતિમાં કરે છે. પ્રથમ અગ્નિનું કાર્ય અને કાર્યદક્ષતા લોખંડમાં પસાર થાય છે અને પછી લોખંડ અગ્નિ જેવું જ કાર્ય કરે છે.

ટૂંકમાં લોખંડનો ટૂકડો જે મોમીનના રૂહનું પ્રતિક છે, જે રૂહાની રોશની સાથે એકરૂપ થવા છતાંય પોતાનું આગવું વ્યક્તિત્વ જાળવી રાખે છે. કહેવાનો અર્થ એ છે કે લોખંડ અગ્નિના ગુણો અપનાવી લે છે એ અર્થમાં એ એકરૂપ છે અને પોતાની આગવી પ્રકૃતિ જાળવી રાખે છે એ અર્થમાં એ અંગારા રૂપે અ ગ્નિથી જુદો પડે છે. એક સમયે સંયુક્તતા, દ્વિગુણતા અને બહુતા જાળવવી તેમાં સૌથી મહાન જ્ઞાન સમાયેલું છે, નહીં તો પ્રેમી અને પ્રેમિકાની કથા સ્થગિત થઇ જાય અને કેટલીક માની લીધેલી એકલતાની લાગણી કેટલાકને થઇ શકે. વિશેષમાં જો અલ્લાહ વ્યક્તિત્વને ભૂંસી નાખવાની ઇચ્છા ધરાવતો હોતે તો એ એવો હુકમ કરતે કે જેઓ આ અગ્નિમાં એકરૂપ થશે તેઓ એવી રીતે થશે કે પોતાની પ્રકૃતિ ખોઇ નાખશે. જોકે કુરાનમાં આવો કોઇ ઉલ્લેખ નથી.

પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છે કે તે (અલ્લાહ) મોમીનને પોતાના પ્રકાશિત રંગની લાક્ષણિકતાથી રંગી નાખે છે (૨ : ૧૩૮). આપણે આ હકીકતને અગ્નિ અને લોખંડના દ્રષ્ટાંત દ્વારા સમજી શકીએ છીએ; અને કુરાનની આ બે આયતોને એકબીજાને સમજાવનાર તરીકે માની શકીએ. અર્થાત જેઓ સિનાઇ પહાડની અગ્નિમાં છે તેઓ દિવ્ય લક્ષણના રંગમાં રંગાયેલા છે; અને જેઓ અલ્લાહના રંગમાં રંગાયેલા છે તેઓ એની કૃપાદ્રષ્ટિથી ભરપૂર છે જે રીતે બીજા ભાગ્યશાળીઓ એ અગ્નિમાં હતા. કારણ કે એક આયતમાં કૃપા (બરકત)નો અને બીજીમાં રંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મને ખાત્રી છે કે તમે આ જ્ઞાનની રૂપરેખાને સમજી શક્યા હશો અને જો તમે એમાં રંગ પૂરી શકો તો એ સુંદર નકશો બની શકશે. મને આશા છે કે ધાર્મિક જ્ઞાનને લગતા મારા સર્વે વિવેચનોનો અભ્યાસ કરશો.

# ૫. એકવાસ્તવવાદ–યક–હકીકત

એક્વાસ્તવવાદ (Monorealism) એ તાવીલી અથવા ખુદાઇ (divinity) ને લગતો રૂહાની વિચાર છે. આ નામ એ આત્મજ્ઞાન, મા'રફત (ઇલ્મ–ઉ–મા'રફત) અને ક્યિામત (દૌર–એ–કિયામત)ની ઘટમાળમાં એક મહાન ક્રાંતિ લાવવાનું કારણ બન્યું છે. કિયામત અથવા પુનર્જીવનના ઘણા દરજ્જાઓ છે, એક્વાસ્તવવાદ એમાંનો એક દરજ્જો છે જે પવિત્ર અને નિર્મળ ઇમામે પોતાના જ્ઞાન રૂપી મોજીઝા દ્વારા દુનિયાના માનવીઓ સમક્ષ રજુ કર્યો છે અને તેના સિવાય બીજા કોઈથી આ રજૂઆત શકય નહોતી.

આ એક સુપ્રસિદ્ધ હકીક્ત છે કે મહાનુભવી ઇમામના ફરમાનો એ એની (ફરમાનની) ઉપયોગિતા અને ડહાપણ ઉપર આધારિત છે. આ ફરમાનો ન તો ફક્ત વખત અને સ્થળની જરૂરિયાતોને અનુરૂપ હોય છે પરંતુ એ માનવીના મન, સભાનતા અને ભિન્ન ભિન્ન ધોરણે અક્લી જ્ઞાન (intellectual) સુધી પહોંચવાની શક્તિને અનુરૂપ પણ હોય છે. એ મુજબ અમુક ફરમાનો ખાસ કરીને જમાતોને લગતા હોય છે, અને બીજાં અમુક ફરમાનો ખુલ્લી રીતે આખી દુનિયાના માનવીઓને ઉદ્દેશીને કરેલાં છે, પરંતુ કોઇ કેટલું સાંભળે છે અને કેટલું અમલ કરે છે એ બે જુદી બાબતો છે. જો કે એક્વાસ્તવવાદ સંબંધિત સાચા ઇમામે જે ફરમાવ્યું છે એ એવા ફરમાનોમાંથી છે જેનો સંબંધ આંતરરાષ્ટ્રિય ધોરણ સાથે છે, તેથી જ આ ફરમાનો માનવજાતિ માટે સૂર્ય કરતાં પણ વધારે સ્પષ્ટ છે.

વિચારશાસ્ત્ર અને સામાન્ય ખ્યાલની દ્રષ્ટિએ ખુદાના અસ્તિત્વમાં ન માનવું એ કરતાં મૂર્તિપૂજા એ વધારે સારી છે કારણ કે મૂર્તિપૂજામાં પરમાત્માનો સામાન્ય ખ્યાલ અનિવાર્ય છે. વિશેષમાં પયગંબરને અનુસરી મૂર્તિપૂજાનો ત્યાગ કરવો એ પરમસુખ અને ડહાપણભરી બાબત છે. જ્યારે પાક પયગંબરની પયગંબરી અને નબુવ્વતનો સમય આવ્યો ત્યારે ધર્મિષ્ઠ લોકો ઉપર ફરજ નાખવામાં આવી કે તેઓ જાહેર કરેલો ધર્મ ઇસ્લામનો અંગીકાર પયગંબરના પવિત્ર હાથથી

કરે. કારણ કે ઈસ્લામ એ અલ્લાહનો અંતિમ ધર્મ એ રીતે છે કે એ એના પૂર્વજ ધર્મોમાં સુધારા કરી, નવું રૂપ આપીને એના શિક્ષણને સતત રીતે મોટા પાયા ઉપર વિકસિત રાખ્યું છે. વધારામાં એ સ્પષ્ટ છે કે જ્યારે ધર્મની વિચારધારા અધર્મવાદ અને ભૌતિકવાદથી છૂટી પડી ત્યારે એનો વિકાસ થયો, અને જ્યારે મૂર્તિપૂજા અને ખુદાની આરાધના (હક્કપરસ્તિ)ના વાદવિવાદે આકાશી જાહેરાતની રોશનીમાં જગ્યા લીધી ત્યારે એ મજબૂત બની અને ત્યાર પછી એ ઈસ્લામમાં સંપૂર્ણ થઇ. આનાથી પણ આગળ વધીને વિચારીએ તો ઈસ્લામમાં સુફીવાદની ઉન્નતિના સમયમાં અહલ-એ-બઇત ઈમામોના જાહેરી અને બાતિની શિક્ષણની અસર હેઠળ, આ ખુદાઈ સિધ્ધાંતને ખાસ નામો આપવામાં આવ્યાં હતાં, જેવાં કે 'હકીકત-એ-હકાઈક' (સત્યતાઓની સત્યતા) 'હમાહઉસ્ત' (એ બધું જ છે) વિગેરે પરંતુ આજે એકવાસ્તવવાદનો સિધ્ધાંત એ સઘળા નૈસર્ગિક વિકાસની પરાકાષ્ઠા ઉપર છે.

આ હકીકત છે કે ઈસ્લામ એ કુદરતી ધર્મ છે. કુદરતનું સચોટ અને સમજી શકાય એવું દ્રષ્ટાંત એ ફળ આપનાર વૃક્ષનું છે, જેમાં સૌ પ્રથમ જે વસ્તુ અસ્તિત્વમાં આવે છે એ કળી છે તછી તાજું ફુલ, પછી કાચું ફળ, પછી પાકું ફળ અને અંતમાં બીજ આવે છે. અહીં બીજ જે સ્વાદ અને શક્તિમાં અજોડ છે તેને બાતિની અર્થમાં લેવામાં આવ્યું છે. વિશેષમાં આ બીજમાં પોતાની જ જાતના વૃક્ષને જન્મ આપવાની શક્તિ સમાયેલી છે.

આ સ્પષ્ટીકરણ એવું દેખાડે છે કે પૃથ્વીગ્રહ ઉપર વસનારાઓના ધર્મ વિચારધારાનો લાંબો ઈતિહાસ છે. આ વિચારધારાની ઉત્ક્રાંતિ સતત રીતે થતી ગઇ અને આજે આ બધી જ વિ ચારધારાઓ ધીરે ધીરે એકવાસ્તવવાદના સિંધ્ધાતની પરાકાષ્ટાએ પહોચ્યાં છે.

બુધ્ધિશાળી માણસો માટે, એકવાસ્તવવાદની જ્ઞાનથી ભરપૂર એવી વિચારધારા દ્વારા હકીકત અને મા'રફત ઉપરથી પડદા દૂર થયા છે, ખુદાઈ રહસ્યોની ચાવીઓ અદ્રષ્ય પડદામાંથી બહાર કાઢવામાં આવી છે અને તૌહીદ (એક્તા)ના

ખજાનામાંથી જે પણ શક્ય હતું એ સુષુપ્ત રૂપમાં આપવામાં આવ્યું છે. હવે તેઓ કેવી આશા અને વિશ્વાસથી આ વિચારધારાને આગળ ધપાવે છે અને ક્યા દરજ્જાના પ્રકાશ અને જ્ઞાનની દ્રષ્ટિથી જોવે છે એ તેઓ ઉપર અવલંબિત છે

જાહેરમાં એવું લાગે છે કે ખુદામાં માનનારા દરેક સમૂહને કુરાનના પવિત્ર ફુઆરા (ઝરા)માંથી શિક્ષણ અને ધર્મશાસ્ત્રના સ્પષ્ટીકરણ રૂપી નહેર પોતાની વિચારસરણીની જમીન સુધી બાંધી શકે છે. પરંતુ વાસ્તવમાં ખરો એન્જીનીયર જ કહી શકે છે કઇ નહેર સૌથી અચળ અને મજબુત છે.

અહીં આપણને એક્વાસ્તવવાદના એવા દ્રષ્ટાંતની જરૂર છે જે એના ભાવાર્થ તથા અર્થને સરળતાથી સમજાવી શકે. આ સંબંધમાં એ જાણવું જોઈએ કે માણસ પોતેજ એક્વાસ્તવવાદનું અજોડ દ્રષ્ટાંત છે. એનું 'પોતાપણું' (ખુદી) અથવા 'હુંપણું' (અના) એ એક્તાના રૂપમાં છે. જેમાં શરીર, રૂહ અને અક્લ મળી ગયા છે. અર્થાત એ બંને 'ઉચ્ચ દરજ્જાનો રૂહ'અને 'નીચલા દરજ્જાનો રૂહ' છે; એનામાં શારીરિક પરમાણુની એકલતા, રૂહાની પરમાણુઓની એક્તા તથા છુટાં છવાયાં અક્લી મોતી (Pearls of intellect)ઓની અખંડતા છે. વસ્તુઓનું એકીકરણ કરવું એ એની ખાસિયત તથા પ્રકૃતિ છે.

આ સંબંધિત બીજું દ્રષ્ટાંત જે આ વિચારધારાને સમજવામાં સહાયતા કરશે એ જ્ઞાનથી ભરપૂર કુરાનનો ઉત્પતિનો સિધ્ધાંત છે. એટલે કે ખુદાએ સઘળા જીવાત્માઓને પ્રથમ માનવીની ઉત્પતિની સાથે પેદા કર્યા છે. કહેવાનો અર્થ એ છે કે તે સમયે તેઓ સઘળાનો સમાવેશ એક રૂહ (નફસ–એ–વાહીદા)માં કરવામાં આવ્યો હતો. એટલે કે, સંપૂર્ણ માનવીએ એના રૂહાની અસ્તિત્વના પરમાણુઓના રૂપમાં હોય છે (૩૧: ૨૮). જે બધા એક રૂહ (single 'I') સાથે સંકળાયેલા હતા. ત્યાં બહુતાની નિશાની કે નામ નહોતાં; ત્યાં ફક્ત એક્તા અને એક્તા જ હતી. પરંતુ વખત જતાં તેઓ બધા અનેક રૂપમાં તેમાંથી (એક્તા) બહાર આવવા લાગ્યા. જો કે અલ્લાહ તેઓ બધાને ફરીથી એક જ રૂહમાં ફરીથી સજીવન કરશે, જેમ એણે પ્રથમ વાર કર્યું હતું. કુરાનનો આ એક્વાસ્તવવાદનો ઉત્તમ દ્રષ્ટાંત છે.

અહીં અમો સંખ્યાસૂચક તર્કશાસ્ત્રમાંથી દ્રષ્ટાંત આપવા ઈચ્છીએ છીએ. એટલે કે હજારની સંખ્યામાં ત્રણ શૂન્ય અને એક આંકડો એકનો હોય છે. આની અંદર એવું જ્ઞાન રહેલું છે કે હજારની સંખ્યા સુધીના આંકડાઓનો પોતાના રૂપમાંથી નાશ પામીને હજારની સંખ્યામાં એક થઇ જાય છે. અહીં શૂન્ય એ નાશ થવાનું પ્રતિક છે. અર્થાત સંખ્યાની દુનિયાનું પહેલાં દશમાં, પછી સોમાં, પછી હજારમાં એ રીતે નાશ થતો જાય છે. દરેક વખતે ફક્ત આંકડા એકનું તત્વ બાકી રહે છે. આની તાવિલ એ છે કે "દરેક વસ્તુઓ નાશવંત છે સિવાય કે ખુદાનો ચહેરો" (૨૮ : ૮૮), અને એકવાસ્તવવાદ છે. એટલે કે સર્વેની એક્તા એ એકની એક્તા છે અને એકની એક્તા એ સર્વેની એક્તા છે. શુન્ય તે એકના આંકડા ઉપર આધારિત છે જેના વગર શુન્ય કાંઇ નથી. અર્થાત જો શુન્યને એકના આંકડાથી છૂટો કરવામાં આવે તો એની કાંઇ કિંમત રહેતી નથી. જેવી રીતે બાબા સૈયદના કહે છે "જા હર કામ કમતરમ ગર બિ તૂ બાશમ જા ગરદૂન બરતરમ ગર બા તૂ બાશમ" એટલે કે "જો હું તારા વગર છું તો હું કાંઇ પણ નથી; અને જો હું તારી સાથે છું તો હું આકાશથી પણ ઊંચો છું." અર્થાત એકવસ્તુવાદનું દ્રષ્ટાંત સંખ્યાના નિયમોથી પણ સાબિત થાય છે જેમ દશાંશ અપૂર્ણાંક જેવા કે દશ, સો અને હજારમાં બીજા બધા આંકડાઓનો નાશ થાય છે અથવા અદ્રષ્ય થઇ જાય છે. એટલે કે તેઓની એક્તા એ એક આંકડાની એક્તા બની જાય છે અને એક આંકડાની એક્તા એ બધાની એક્તા થઇ જાય છે.

આપણું શારીરિક અસ્તિત્વ એ કોઇ પણ આંકડાઓ : ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ માંથી કોઇ એક આંકડાના ધોરણ ઉપર હોય છે. જ્યારે રૂહનું અસ્તિત્વ એ શૂન્યના ધોરણ ઉપર હોય છે. પરંતુ આ રૂહ રૂપી શૂન્ય ક્યાં છે એની જાણકારી નથી હોતી. જો એ એકની નજીક અથવા એની હાજરીમાં હોય તો એથી વધારે એને શેની જરૂર પડે ? પરંતુ જો એ એકથી છૂટો થઇ ગયો હોય તો એની કિંમત કાંઇ જ નથી થતી. એ જ કારણસર આપણને ૨ થી ૯ ના આંકડાઓની વચ્ચે પ્રગતિ કરીને પછી એકમાં આપણો નાશ કરવો જોઇએ, જેથી કરીને આપણે એક રૂહમાં

પુનર્જીવન થઇ શકીએ (31 : 28). કારણ કે બધાનો પુનર્જીવન એકમાં થવો જોઇએ.

જે કાંઇ આ ચર્ચામાંથી તારવવામાં આવ્યું છે તેની બે રૂપમાં વિચારણા કરવાની શક્યતા દેખાય છે. એક તો સ્થિર બહુતાની ઉત્પતિ એકમાંથી થાય છે અથવા એવી કોઇ બહુતાની ઉત્પતિ એકતામાંથી થતી નથી, પરંતુ બહુતા જેવી એકતા (વહાદત–એ–કાસરતનુમા) જ ત્યાં છે. ઉપરોક્ત દ્રષ્ટાંતમાં આંકડાઓની ખાસિયત તથા પ્રકૃતિ સ્પષ્ટ રીતે દેખાડે છે કે બીજા પ્રકારનો રૂપ શક્ય છે. કારણ કે સંખ્યાના નિયમો પ્રમાણે બેના આંકડાનું સ્થિર અસ્તિત્વ એકના આંકડા વગર કાંઇ જ નથી, નહિ કે એની બહુતાનું અસ્તિત્વ રહે છે. કેમકે જો એકનો આંકડો બેની સંખ્યામાંથી બે વાર બાદ કરવામાં આવે તો ન તો બે પોતે અથવા એની બહુતાનું અસ્તિત્વ રહેવા પામે છે. આમ થવાનું કારણ એ છે કે એક એ બેમાં છુપાયેલો છે. આ બહુતા રૂપી એકતાનું દ્રષ્ટાંત છે.

આ માનવીના 'પોતાપણા' (human 'I')ની એકતાનું સ્પષ્ટીકરણ અને દ્રષ્ટાંત છે, જેના રૂહના અસંખ્ય પરમાણુઓ હોવા છતાં એનો રૂહ એક છે. બીજી રીતે જોતાં આ એકવાસ્તવવાદનું સ્પષ્ટીકરણ તથા દ્રષ્ટાંત છે. એ મુજબ જાણવું જોઇએ કે એકવાસ્તવવાદ (Monorealism)નું સચોટ દ્રષ્ટાંત એ માનવીની પોતાની અંદર જ છે.

# ૬. ખુદાઇ પરમાણુ–આપણું બ્રહ્માંડ

અલ્લાહ જાણે છે કે આ હૃદય ક્રોઇક વખત પાણી વગરના ફૂલની માફક કરમાઇ જાય છે; અને કોઇક વખત સારી રીતે સિંચેલા ફૂલની કળીની જેમ ખુશખુશાલ અને આનંદિત હોય છે. મૌલા પોતાની રહેમતોના ખજાનાઓમાંથી એની રહેમતોની વર્ષા હંમેશા મારા પ્રિયજનો ઉપર કરે, જેઓએ આજે અમને પત્ર દ્વારા ધાર્મિક જ્ઞાન વિષે કંઇક લખવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

"ખુદાઇ પરમાણું–આપાણું બ્રહ્માંડ"નો અર્થ એવો થાય છે કે સૂક્ષ્મ ખુદાઇ રહેમત પણ અમારા માટે બ્રહ્માંડની બરાબર છે. 'અલ્લાહુ અકબર' નો પણ એવો જ અર્થ થાય છે, એટલે કે એના (અલ્લાહના) એકે એક લક્ષણ અસીમપણે મહાન છે, તે રીતે એની રહેમત અને દયા પણ એટલા જ મહાન છે. એ માટે બુધ્ધિશાળી મોમીનોએ હરપળ એ ખુદાઇ રહેમત હાંસલ કરવી જોઇએ. આ રહેમત જો કે બાહરથી કેટલી પણ સૂક્ષ્મ હોય, પરંતુ આંતરિક રીતે એ અસીમપણે મહાન હોય છે. કારણ કે ખુદાઇ રહેમત એ આકાશી સીડી માફક છે જેનું એક એક પગથયું મા'રફત (gnosis)ના આકાશ સુધી જાય છે.

'ખુદાઇ પરમાણું' એ સાચા અને રૂહાની જ્ઞાનનો એક સૂક્ષ્મ શબ્દ છે, એ સૂક્ષ્મ એ અર્થમાં છે કે એ ટુંકાણમાં અને સાધારણ શબ્દોમાં વ્યક્ત થયું છે, અને માનવીના મુખમાંથી ઉચ્ચારવામાં આવ્યું છે, પરંતુ એની વ્યાપક્તા અને મૂલ્ય મહાન છે. અનોખી વાત તો એ છે કે આ એક જ શબ્દ ઘણી વખત સર્વે પ્રશ્નોના ઉત્તરો મેળવી આપે છે, જાણે હજારો બિમારીઓનો એક જ ઇલાજ અને હજારો ખજાનાઓની એક જ ચાવી. મારી ઇચ્છા છે કે હું ખુદાઇ પરમાણુની યોગ્ય પ્રશંસા કરી શકું, પરંતુ મારા મૂલ્યહીન શબ્દો દ્વારા હું એની પ્રતિષ્ઠાને યોગ્ય ન્યાય આપી શક્યો નથી.

'ખુદાઇ પરમાણુ'નો અર્થ અલ્લાહ એ નવાજેલી સફળતાનો પણ થાય છે જેને મેળવવા હંમેશા પ્રયાસ કરવો જોઇએ. જો અલ્લાહ એક પરમાણુ જેટલી પણ

સફળતા અર્પણ કરે તો તેમાં ક્દાપિ બેદરકાર ન રહેવું જોઇએ, કારણ કે એ મોમીનને બીજી સફળતા તરફ દોરી જાય છે. આ એક પ્રકાશિત સાંકળ બરાબર છે જેના અગણિત જોડાણ છે; અને એના એક પછી એક જોડાણ અલ્લાહ તરફ દોરે છે.

'ખુદાઇ પરમાણુ', પાક અને પવિત્ર ઈમાનના ફરમાન (માર્ગદર્શન) પ્રમાણે ખુદાઇ રોશનીનો એક તણખો છે જેને દરેક મોમીન પોતાના હૃદયમાં ધરાવે છે. આ 'પરમાણુ'ની કુદરતી પ્રકૃતિ એવી છે કે શરૂઆતમા એ ફક્ત એક તણખો જ હોય છે, પરંતુ ધીરે ધીરે એ સંપૂર્ણ રોશનીમાં રૂપાંતર પામે છે. આ પાક કુરાનના અછડતા ઉલ્લેખોમાંથી એક છે કે, જો કે રોશની શરૂઆતમાં ઝાંખી અને ઓછી લાગે છે, પરંતુ ધીરે ધીરે એ ખુદાઇ રોશની રૂપે આગળ આવે છે. આ સંબંધમાં કુરાનની 'સિનાઇ પહાડની રોશની' (નુર-એ-તુર)ની વાર્તાનો અભ્યાસ કરવો જોઇએ.

'ખુદાઇ પરમાણુ' એ ખુદાઇ જ્ઞાનના આકાશી વાદળમાંના એક ટીપા માફક છે, એમાં કોઇ શંકા નથી કે એ ટીપાં રૂપે ટપકે છે પરંતુ હૃદયમાં એ ઉછળતો મહાસાગર બની જાય છે. આ એક ઉચ્ચાર (લફઝ) છે જે બીજા બધા જ ઉચ્ચારોને પાર કરી સર્વે અર્થોનું મધ્યબિંદુ બની જાય છે, જેવી રીતે એક દ્રષ્ટાંત બીજા બધા જ દ્રષ્ટાંતોને ગૌણ કરી મૂકે છે, એક શબ્દ જે હુકમની દુનિયા (આલમ-એ-અમ્ર)ની ઊંચાઇનો સ્પર્શ કરે છે અને એ ખજાનો જે અંતિમ જ્ઞાનનું ઉત્પતિસ્થાન બની જાય છે.

એ જાણવું જોઇએ કે જ્ઞાન જ્યારે નીચે આવે છે ત્યારે એ વિસ્તૃત થઇને આવે છે અને જ્યારે ઉપર ચડે છે ત્યારે એ એટલી હદ સુધી સંકોચાઇ જાય છે કે એક મોતી અને શબ્દમાં સંગઠિત થઇ જાય છે. મોતીનો અર્થ અક્લના મોતી (ગૌહર-એ-અકલ), અને શબ્દનો અર્થ ખુદાઇ શબ્દ (કલિમાહ-એ-બારી) એવો થાય છે.

જેવી રીતે જ્ઞાનની ઊંચાઇ તરફ ચડાણ કરવામાં ફાયદો છે તેવી જ રીતે એની નીચલી સપાટી તરફ ઉતરવામાં નુકશાન બલ્કે મોટું નુકશાન તથા વાસ્તવિક માર્ગથી દૂર થઇ જવાય છે. નીચલા દરજ્જાનું જ્ઞાન એ વાદવિવાદોનું સ્થાન છે

જ્યાંથી કોઇ પણ છટકી શકતું નથી. કુરાનની એક આયત એવું સૂચવે છે કે અલ્લાહ, જેને ગુમરાહ કરવા ઇચ્છે છે તો એના જ્ઞાનથી ગુમરાહ કરવાનું કારણ બને છે (૪૫ : ૨૩). આ જ્ઞાનનો અર્થ નીચલા દરજ્જાનું જ્ઞાન એવો થાય છે, જ્યાં પ્રણાલિકામાં વાદવિવાદનું મહાપૂર આવે છે.

'પાઇનાબ' એ તૂર્કી ભાષામાં પાણીનું નામ છે જે બગીચા અથવા ખેતરમાંથી એની જમીનને સિંચીને બહાર આવે છે. અસલમાં એ ફારસી ભાષાનો 'પા'ઇનાબ' શબ્દ છે, બ્રુશેસ્કી ભાષામાં 'હરચીલ' તરીકે સંબોધાય છે જે 'યનચીલ'ના વિરોધાભાસમાં વપરાય છે, જેનો અર્થ નહેરનું વહેતું પાણી એવો થાય છે. દરેક જગ્યાએ લોકો 'હરચીલ'ને એટલું મહત્વ નથી આપતા જેટલું 'યનચીલ'ને આપવામાં આવે છે.

આ દુનિયામાં મૌલાના મુર્તઝાઅલીનો આનંદદાયક અને સુંદર બગીચો છે જેનું નામ સાચો ધર્મ (મઝહબ-એ-હક્ક) છે, જેની સિંચાઇ પયગંબર અને ઇમામ અલ્લાહના હુકમ મુજબ કરે છે. આ સાચા ધર્મની જમીનની સિંચાઇમાંથી 'પાઇનાબ' અથવા 'હરચીલ' જેની આપણને જરૂર નથી તે જગતના લોકો તરફ જાય છે.

ઓ મારા વ્હાલાઓ ! મારો રૂહ તમારા પર કુરબાન થાય ! આ વિનમ્ર દરવેશ ને 'પરમાણુ' શબ્દ અત્યંત પસંદ છે એનું દેખીતું કારણ એ છે કે તેણે પરમાણુ તથા પરમાણુઓમાં ઘણું ઘણું જોયું છે અને એની ઇચ્છા છે કે એના પ્રિયજનો પણ આ પરમાણુમાં રહેલા જ્ઞાનને જાણે. અર્થાત તેઓ પણ ઇબાદતમાં અણું પછી અણુંની પ્રગતિ સાધે; તેઓના જ્ઞાનમાં એક એક અણુંથી આગળ વધે અને એકાદ અણુંની ઉપેક્ષાને પણ ગુન્હો માને જેથી કરીને તેઓને સફળતા હાંસલ થાય.

એ યાદ રાખવું જોઇએ કે પાક ઇમામોના માર્ગદર્શનોનો વિગતવાર ચિતાર એ ધાર્મિક સાહિત્યના અગત્યના મુદ્દાઓ છે. હું આ જ કારણસર એમ કહું છું કે આ શ્રદ્ધાઓ છુટી છવાઇ રોશની જેવી છે. જો કોઇ મોમીન ધાર્મિક જ્ઞાનની રોશનીને

ઊંડાણથી ગ્રહણ કરશે તો અ લ્લાહની ઈચ્છાથી એક દિવસ એ સાચી રોશની પોતાની અંદર જોઈ શકશે અને અતિશય આનંદિત અને ખુશખુશાલ થશે.

મારા પ્રિયજનો, જો તમને કોઈ દુન્યવી મુસીબતો આવે તો તમને એનાથી ચિંતિત થવું ન જોઈએ, કારણ કે જેઓ સાધન–સંપત્તિ અને શારીરિક રીતે માલદાર છે પરંતુ તેમની પાસે ધર્મકલ્યાણ તથા ધર્મની ખુશીઓ નથી. તો, વાસ્તવમાં તેઓ અત્યંત વ્યથિત અને કમનસીબોમાંથી છે. તમારી હકીકત અને શ્રદ્ધાની સંપત્તિ એટલી કિંમતી તથા અક્ષય (હંમેશની) છે કે તેની સરખામણીમાં સકળ બ્રહ્માંડનું રાજ્ય એક પરમાણુ બરાબર પણ નથી. આ રીતે જ્યારે આપણે દુન્યવી મુસીબતો માટે રૂદન અથવા વિલાપ કરીએ છીએ તો એનું કારણ આપણી અજ્ઞાનતા છે.

મારા અતિ વ્હાલાં બાળકો ! મહાઅનુભવી ઈમામોના એકે એક ફરમાનનું મનન કરો, ખાસ કરીને જે રૂહાની ઉન્નતિને લગતું પ્રોત્સાહન આપે છે તેવા ફરમાનો. યાદ રાખો કે મોમીનની અભિલાષા હંમેશા ઊંચી હોય છે. મોમીન દરરોજ સવારે નૂરના સમયે ઊઠે છે અને જે આળસ અને બેદરકારી કરે છે તથા એ પોતાના દરજ્જાથી બેખબર હોવાથી પશુત્વના માનભંગ દરજ્જામાં ઉતરી પડીને બરબાદ થાય છે. જગતનો માલિક સર્વે મોમીનોનું આ હાલતમાં જવાથી રક્ષણ કરે અને માર્ગદર્શનના પ્રકાશ (નૂર–એ–હિદાયત) તરફ પ્રગતિ કરાવે.

ઓ મારા માલિક ! મારા માલિક ! મારા પ્રિયજનો આ દરવેશની હંમેશા સહાયતા કરે છે; તેઓ આ જ્ઞાનને આગળવધારવાની નમ્ર ખિદમત કરે છે; તેઓ હરહંમેશ તારી ખુશી શોધે છે, તો તું તારી રહેમતોની એમની ઉપર વર્ષા વરસાવ ! આમીન. ઓ દુનિયાઓના માલિક !

# ૭. હઝરત આદમની વાર્તામાંના ખૂબજ વ્યાપક અને વિચક્ષણ શબ્દો

કુરાનની હઝરત આદમની વાર્તા મહાન ખુદાઇ રહસ્યોથી ભરપૂર છે અને ઘણા દ્રષ્ટિકોણોથી જોતાં એ રહસ્યોને જાણવું એ મુખ્ય અગત્યતા ધરાવે છે. આ ધર્મની શરૂઆત જ નહિ પણ એના અંતના પણ પ્રતિક રૂપે છે. એથી દરેક બુદ્ધિશાળી મોમીનને આ વાર્તા ઉપર વધારે ને વધારે વિચારણા કરવી જરૂરી છે જેથી કરીને મૂળભૂત અને આવશ્યક પ્રકૃતિને લગતા ખુદાઇ રહસ્યો જાણી શકવા શક્તિમાન બની શકે.

આ સંબંધમાં સાચા માલિકની કૃપાદ્રષ્ટિથી અને પાક <u>પંજ-તન</u> (પાંચ વ્યક્તિઓ)ની દયાથી અમે નમ્ર કોશિષ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે ઐકેશ્વરની ભાવના (Monorealism)ના નમાણાં અને અતિસુંદર રૂહો અમારા માટે <u>તા'ઇદ</u> (ખુદાઇ મદદ)ના ફરિશ્તાનું કામ કરશે, અને આ વાર્તામાં સમાયેલા બુદ્ધિગમ અને વ્યાપક શબ્દોના અગાધ મહાસાગરમાંથી થોડાં કિંમતી મોતી પ્રાપ્ત કરવા માટે અમને શક્તિમાન બનાવશે.

<u>રબ્બ</u>: <u>રબ્બ</u> એ આદમ અને આદમવાદની વાર્તાના શબ્દોમાંથી અતિપ્રકાશિત અને ખાત્રી કરાવનાર (<u>નૂર-એ મુબીન ઔર આફતાબ-એ યકીન</u>) શબ્દ છે. એ ખુદા જે એક છે અને અજોડ છે એનું પવિત્ર નામ છે જેનો અર્થ દુનિયાઓનો પાલણહાર (<u>પરવરદિગાર-એ આલમિન</u>) થાય છે જે દરેક જાતના શારીરિક અને રૂહાની પોષણની ખાત્રી આપે છે અને આકાશી કૃપા અને પ્રેમના સિદ્ધાંતને અપનાવે છે, જેમ દુન્યવી માવિત્રોના પાલનપોષણમાં માતા તથા પિતા તરીકેનો પ્રેમ અને હેત જરૂરી છે. દુનિયાનો આ માલિક અતિશય દયાળું અને એની ખલકતના નિર્મળ તથા ઉચ્ચ કક્ષાના પ્રેમનું ઉગમસ્થાન છે. આ રીતે બ્રહ્માંડ અને એમાં અસ્તિત્વ ધરાવનારાઓને જરૂરી પોષણ રબ્બના વિભિન્ન અર્થોમાંથી મળે છે. કહેવાનો અર્થ એ છે કે અલ્લાહ તેઓનું પાલણપોષણ જુદા જુદા ધોરણે કરે છે. આનો અર્થ એમ પણ થાય છે કે પ્રશંસનીય માલિક જીવાત્માઓને શારીરિક,

રૂહાની અને અક્કલના પોષણની લાંબી સાંકળ દ્વારા અંતિમ હદ સુધી પહોંચાડી શકે છે. બુધ્ધિપૂર્ણ કુરાનમાં જ્યાં આયતો ઇચ્છાદર્શક રૂપે જાહેર થઇ છે તેમાંની લગભગ બધી જ '<u>રબ્બ</u>'ના પવિત્ર નામથી શરૂ થાય છે. <u>ખુદા–સનાશી</u> અથવા <u>મા'રફત</u> (અલ્લાહની ઓળખાણ) જે ધર્મનો સર્વોચ્ચ ધ્યેય છે એ પણ રબ્બ, જે અલ્લાહના સર્વે નામોમાંથી એક છે, એમાં આવે છે. જેમ કહેવામાં આવ્યું છે કે: "<u>મન આરફા નફસાહુ ફકદ આરફા રબ્બહુ</u>" (એ જે પોતાના રૂહને ઓળખે છે એ પોતાના <u>રબ્બ</u>ને ઓળખી શકે છે.)

આ સંબંધિત કુરાનના ઊંડાણમાં જવા પહેલાં આપણે '<u>સૂર–એ ફાતેહા</u>' ને જોઇ લઇએ, કારણ કે એ કુરાનની માતા અથવા પુસ્તકનું તત્ત્વ છે, એટલે જ એમાં જે કાંઇ સમાયેલું છે એ ખૂબ જ વ્યાપક અને સહેલાઇથી સમજી શકાય એવું છે. આ <u>સૂરા</u>માં ફક્ત થોડાં જ ખુદાનાં નામો સ્પષ્ટ છે અને બીજાં છૂપાં છે. જે સ્પષ્ટ નામોમાંથી છે એમાં સૌ પ્રથમ અલ્લાહ આવે છે અને પછી <u>રબ્બ</u> એને અનુસરે છે, પણ અલ્લાહ એ એવું નામ છે જે એની સિફાતોને સમજાવનાર નામ હોવા છતાં એના અસ્તિત્વને વ્યક્ત કરતા નામ તરીકે વપરાય છે, તેથી જ એનું રહસ્ય થોડા પસંદગી પામેલાઓ સિવાય બીજાઓ માટે ખુલ્લું નથી.જ્યારે '<u>રબ્બ</u>' એ અતિ સાધારણ અને ખાસ એવા બંને અર્થોમાં વપરાયું છે અને એથી જ એ વ્યાપક અર્થ જાહેર કરે છે. વિશેષમાં એ પણ જાણવું જોઇએ કે '<u>ફાતેહા</u>' માં અલ્લાહના સર્વે વખાણોની જાહેરાત 'રબ્બ' નામમાં થઇ એ અને બીજા બધા જ નામો એની સમજણ આપે છે. દાખલા તરીકે '<u>રહમાન</u>' ને '<u>રહીમ</u>', જે '<u>રબ્બ</u>' નામ પછી આવે છે. આનો અર્થ એમ થાય છે કે અલ્લાહ જે સર્વે જગતનો પાલણહાર છે એ ખૂબ જ કૃપાળું અને દયાળું છે, તેથી જ માનવજાતિને રૂહાની અને અક્કલના પોષણનાં સાધનો પૂરા પાડવા ઇચ્છે છે, નહિ તો એ એની દયાના નિયમની વિરુધ્ધ થાય.

વિશેષમાં '<u>રહમાન</u>' અને '<u>રહીમ</u>' સૂચવે છે કે રૂહ અને અક્કલનું પોષણ મેળવવું તો જ શક્ય છે જો 'રબ્બ'નામના મઝહર (Manifestation) માટે

પ્રેમ હોય. કારણ કે તે બંને નામો 'રહમ'ના મૂળમાંથી ઉત્પન્ન થયા છે (ફારસીનું મિહર). પ્રેમ એ કુરાનની આયત (૩૦ : ૨૧) માં પણ જોવા મળેછે, જેમાં 'રહમાન' એ 'મુહબાહ' (પ્રેમ) ના અર્થમાં વપરાયું છે.

વિશેષમાં કુરાનમાં 'રહમાન' અને 'રહીમ' જે રીતે વપરાયાં છે એ અર્થમાં તેઓ રૂહાની અને અક્કલના પોષણમાં ઊણપ સંબંધિત નિરૂત્સાહ અને હતાશાનો સમૂળગો નાશ કરે છે. તેઓ માનવજાતિને બુદ્ધિભરી ભાષામાં કહે છે, જેવી રીતે દયાળું અને કૃપાળું અલ્લાહે પોતાના ખલિફા (જે રબ્બની સિફાતનો મઝહર છે)ની નિમાણુંક કરી છે, તેવી જ રીતે માનવીએ પોતાની શક્તિ પ્રમાણે એ ખલિફા સાથે પ્રેમની સાંકળ (જે એક રીતે 'રહમાન' તથા 'રહીમ'સાથે સંકળાયેલી છે) સ્થાપિત કરવી જોઈએ, જેથી એના તરફથી સતત દુન્યવી અને રૂહાની બાબતોનું ખુદાઇ માર્ગદર્શન મળતું રહે.

મારા પ્રિયજનો તમે પોતે જ કુરાનની અનુક્રમણિકાને તપાસી જોઇ લ્યો કે એમાં 'રબ્બ' નો પવિત્ર નામ કેટલી વખત આવ્યો છે, જેથી તમે પોતે એ તારવી શકશો કે એમાં કેટલો મોટો ખુદાઇ રહસ્યનો ખજાનો છૂપાયેલો છે. તે ઉપરાંત ધાર્મિક સાહિત્યમાં 'રબ્બ' અને 'રબુબિયત' એટલે કે 'રબ્બ'ની સિફાતની સમજૂતી તપાસી જુઓ જેથી તમારા ધાર્મિક જ્ઞાનના પ્રકાશમાં વધારો થાય.

હવે જો તમને આ વિષયને એના મૂળભૂત સિદ્ધાંતમાંથી સમજવો હોય તો તમારે કુરાનની આયત ૨ : ૩૦નો અભ્યાસ કરવો જોઈએ, કારણ કે હઝરત આદમની વાર્તા અહીંથી શરૂ થાય છે.

એમાં કહેવામાં આવ્યું છે કે "વા ઇઝ કાલ રબ્બુકા લીલ મલાએકતી ઇન્ની જાએલુન ફીલ અરઝે ખલીફા" (જ્યારે તમારા રબ્બે ફરિશ્તાઓને કહ્યું કે હું ધરતી ઉપર મારો ખલિફો નીમવાનો છું.) આ પ્રભાવશાળી અને ઉચ્ચતમ જ્ઞાનભરી આયતની ચાવી એના પવિત્ર શબ્દ 'રબ્બુકા' (તમારો પાલણહાર)માં એ અર્થમાં સમાયેલી છે કે સંપૂર્ણ (ક્ષતિહીન) માનવી જેની ખલિફા તરીકે પૃથ્વી ઉપર નિમાણુંક કરવાની અલ્લાહની ઇચ્છામાં 'રબ્બ' નામની ખાસ રજૂઆત

કરવાની ઇચ્છા છે. જેથી ધાર્મિક અને રૂહાની પોષણમાં કોઇ અછત ન રહે જેમ શારીરિક પોષણમાં કોઇ અછત નથી. વિશેષમાં કયામતના દિવસે ખુદાઇ કાયદાની સર્વોચ્ચ કચેરીમાં કોઇ પણ એ કહી ન શકે કે રૂહાની પાલણપોષણ માટેના સાધનો આ જગતમાં નહોતા, જ્યારે શારીરિકના દરેક સાધનોનો અલ્લાહે બંદોબસ્ત કર્યો હતો.

'રબ્બુકા' શબ્દમાં 'કા (thy) એ સર્વનામ પવિત્ર પયગંબર (મહમદ સ.)ને જાય છે. તેની તાવિલ એ છે કે પ્રતિનિધિત્વની મંજૂરી અલ્લાહે પયગંબરને આપી છે, જેનો ઉચ્ચ હેતુ રૂહાની અને બૌદ્ધિક પોષણની પરંપરા હઝરત આદમના વખતથી જે શરૂ થઇ હતી એ 'કયામતોની કયામત' સુધી પયગંબર અને એના વારસોની પવિત્ર સાંકળ દ્વારા ચાલુ રહેશે, એમાં સમાયેલી છે.

વધારામાં અહી એવો અર્થ થાય છે કે ખુદાઇ પ્રતિનિધિત્વ જે હઝરત આદમને આપવામાં આવ્યું હતું. જે સૌ પ્રથમ 'રબ્બ' નામનું પ્રતિનિધિત્વ હતું, જેનો અર્થ એમ થાય છે કે હઝરત આદમ ધર્મિષ્ટ માનવીઓ (=ફરિશ્તાઓ)નું રૂહાની અને બૌદ્ધિક ઉછેર તેઓને ખુદાઇ નામો (ઇલ્મ-અલ અસ્મા) શિખવાડવાના રૂપમાં કરતા હતા અને જે અલ્લાહના પ્રતિનિધિ સિવાય કોઇ બીજું કરી શકે એમ નહોતું.

મલાઇકાહ : આ આયતમાં બીજો શબ્દ 'મલાઇકાહ' છે (જેનું બહુવચન માલક છે) એનો અર્થ ફરિશ્તાઓ થાય છે, જેમાં અઝાઝીલનો પણ સમાવેશ છે. અલ્લાહે ફરિશ્તાઓને જાહેર કર્યું કે એ ધરતી ઉપર એનો પ્રતિનિધિ નિમણુંક કરવાનો છે. અહી ફરિશ્તાઓની બાબતમાં થોડા ઊંડા સવાલો ઉભા થાય છે કે તેઓ જલાલી (રૂહાની) હતા કે જમાલી (જાહેરી). તેઓમાં જલાલી ફરિશ્તા જેવા કે વ્યાપક અક્લ તથા વ્યાપક રૂહોનો પણ સમાવેશ હતો ? તખ્તને ઉપાડનારા ફરિશ્તાઓનો અર્થ જમાલી થાય છે. એટલે કે આદમના સમયના લોકોના રૂહ એવો થાય છે. આ આયતનો સંદર્ભ એ જણાવે છે કે આ ફરિશ્તાઓ જલાલી હોઇ શકે નહિ, કારણ કે તેઓના પ્રભાવશાળી દરજ્જા પ્રમાણે આવી અજ્ઞાનતા તેઓની સિફાત (લક્ષણ હોઇ શકે નહિ. એ મુજબ આ જમાલી ફરિશ્તાઓ હતા. એટલે કે

તેઓ આદમના વખતના લોકોના રૂહો હતા. એક વખત આ બાબત નક્કી થઇ ગઇ કે તેઓ આદમના વખતના લોકોના રૂહો હતા તો ચાલો એની વધારે સમજણ આપીએ. અલ્લાહ કહે છે કે "અમોએ દરેક પયગંબર સાથે એક હરીફની નિમણુંક કરી છે--જે માનવજાત અને જીન્ન રૂપે શેતાન છે; અને તે બીજા સાથે ગુસપુસ કરી અને મધુર વાર્તાલાપથી લુચ્ચાઇ કરે છે" (૬ : ૧૧૨).

આ જ્ઞાનથી ભરપુર આયત એ દેખાડે છે કે દરેક જમાનાના અને દરેક વખતના શેતાનો જુદા જુદા હોય છે. તેઓ દરેક પયગંબર અને ઇમામના, તેઓના જમાના પ્રમાણે શત્રુઓ છે. તઓ માનવજાતિ શત્રુ એના શારીરિક અર્થમાં છે અને જીન્ન રૂપે શત્રુ એના કમનસીબ રૂહના અર્થમાં છે. બીજું કે આ અચળએવા ખુદાઇ નિયમ પ્રમાણે હઝરત આદમના વખત દરમિયાન કેટલાક નાફરમાની કરનારા અને દુષ્ટ લોકો હતા, જેઓ આદમ માટે શારીરિક અર્થમાં માનવજાત રૂપે અને રૂહાની અર્થમાં જીન્ન રૂપે શેતાન હતા. તેઓની ગુસપુસની બાબતમાં કહેવાનું કે એક શરીરધારી શેતાન બીજા સાથે ગુસપુસ કરે એ તો સ્પષ્ટ છે, પણ રહસ્યમય દૃષ્ટિબિંદુ એ જાણવામાં સમાયેલું છે કે શરીરધારી શેતાન રૂહાની શેતાન સાથે ગુસપુસ કઇ રીતે કરી શકે છે. હકીકતમાં જેમ શેતાનનું વ્યક્તિત્વ એના બદનસીબ રૂહ (=<u>નફસ</u>)ની અસર હેઠળ હોય છે તેવી જ રીતે એનો રૂહ (=<u>નફસ</u>) એના શબ્દો અને વ્યક્તિગત કાર્યોથી આડકતરું સૂચન (<u>યુહા</u>, ૬ : ૧૧૨) મેળવે છે.

જ્યારે આ સ્પષ્ટ રીતે જાહેર થઇ ગયું છે કે હઝરત આદમના જમાનામાં દુષ્ટ માણસો જેઓને હ. આદમ સાથે દુશ્મનાવટ હતી, તેઓ શારીરિક અર્થમાં માનવજાત રૂપે અને રૂહાની અર્થમાં જીન્ન રૂપે શેતાન હતા, તો અહી એ પણ જાહેર થઇ જાય છે કે તે વખતના મોમીનો શારીરિક રીતે જમાલી ફરિશ્તા હતા અને આત્મિક રીતે રૂહાની ફરિશ્તાઓ હતા. હઝરત આદમની વાર્તાની હકીકત આ સિદ્ધાંત સાથે એકરૂપ હોવાથી અને એને લગતા દરેક પ્રશ્નો આ જ રોશનીમાં ઉકેલવા જોઇએ.

જો કે દરેક મહાન પયગંબર અને ઇમામના બાહેરી અને આંતરિક એવા બે દરજ્જાઓ હોય છે, એ મુજબ હ. આદમની વાર્તાના પણ આવા જ બે

દરજ્જાઓ છે. હકીકતમાં આંતરિક અથવા રૂહાની દરજ્જો મહાન અને અતિ મહત્વનો છે. કહેવાનો અર્થ એ છે કે હઝરત આદમને રૂહાનીયતમાં જે બનાવો દેખાયા તે દુનિયવી રીતે જે બનાવો બન્યા એ કરતાં ઘણા જ મહાન, અદભુત, ખૂબ જ બુદ્ધિપૂર્ણ અને મા'રફતથી ભરપુર હતા. એથી જ માનવું જોઈએ કે હઝરત આદમની વાર્તાનો સંબંધ તાવિલ સાથે હતો.

અહી અમો એવો દૃષ્ટાંત રજૂ કરશું જેનાથી બુદ્ધિશાળીને હઝરત આદમની વાર્તા તાવિલ તરફ વધારે ઢળે છે એની તારવણી કરવા શક્તિમાન કરશે. કુરાનમાં આવતા 'સજદા' શબ્દનો શાબ્દિક અર્થ નમવું અને વૈજ્ઞાનિક પરિભાષામાં સાષ્ટાંગ પ્રણામ થાય છે, એ આ અર્થમાં આખું અને સંપૂર્ણ છે. જ્યાં જ્યાં સજદા શારીરિક નમનના અર્થમાં વપરાયું છે ત્યાં એ ઉપરના એક જ અર્થમાં વપરાયું છે. પરંતુ જ્યાં જ્યાં એ ફરિશ્તાઓને આદમના રૂહાની સાષ્ટાંગ પ્રમાણના અર્થમાં વપરાયું છે, તો એ અલ્લાહના હુકમથી બે શબ્દોમાં ખાસ રીતે વપરાયું છે. ''ફા-કુ લાહુ સજીદીન (પછી એના સજદામાં ઝૂકી જાઓ. (આદમના)'' (૧૫ : ૨૯; ૩૮ : ૭૨). અહી ધ્યાનપૂર્વક વિચારવા લાયક 'તાવિલી' શબ્દ 'કૌઉ' છે (જેનું મૂળ વકૌઉ=નમી પડવું) જેમાં નમી પડવાની આજ્ઞા રહેલી છે. એ મોમીનના રૂહ (=રૂહાની ફરિશ્તાઓની) આદમ (અલ્લાહના પ્રતિનિધિ)ને રૂહાની નમનમાં ઝૂકી પડવાની સ્થિતિનો મર્મ સૂચવે છે. અર્થાત મોમીનનો રૂહ પરમાણુઓની દુનિયામાં (આલમ-એ ધરર=રૂહાની દુનિયા) આદમને પૂજ્યભાવથી ને આજ્ઞાંકિત બનીને નમન કરે છે. (સજદા-એ તાઝીમ-ઉ ઇતાઅત), તેઓ એના પાક શરીરમાં ખાસ ફરિશ્તા બની ઝૂકી ગયા જેમાં આકાશી પરમાણું અને રૂહનું મિશ્રણ હતું.

આ સંબંધિત મુખ્ય દ્રષ્ટિબિંદુ એ છે કે "પયગંબર (મુહમ્મદ)નું દ્રષ્ટાંત એક આરીસા રૂપે આપણી સામે હરહંમેશ હોવું જોઈએ." એમાં કોઈ કે સર્વે પયગંબરોના રૂહાની ગુણો સંક્ષેપમાં એમનામાં હતા. કારણ કે પયગંબરની હદીસ પ્રમાણે સર્વે પયગંબરો "એક રૂહ" જેવા છે (નફસ-એ-વાહીદા). સંપૂર્ણ અને ક્ષતિહીન

નબુવ્વતની જાહેરાતે એમના પવિત્ર વ્યક્તિત્વમાં જગ્યા લીધી હતી. આ અર્થમાં કુરાનમાં કહેવામાં આવ્યું છે કે "તેઓ કહે છે : અમો નબીઓની વચ્ચે કોઇ તફાવત રાખતા નથી" (૨ : ૨૭૫).આનો અર્થ એમ થાય છે કે જો મહાન પયગંબરોની રૂહાનીયત અને રૂહાની અવલોકનની વ્હેંચાણી કરવામાં આવી હોતે તો કોઇ પણ એકને એનું પૂરૂં જ્ઞાન નહીં હોતે પરંતુ એ સત્ય નથી પણ સત્ય વસ્તુસ્થિતિ એ છે કે કોઇ પણ સંજોગોમાં પાક પયગંબરમાં હઝરત આદમના દરેક રૂહાની સદગુણો હતા. અર્થાંત ફરિશ્તાઓએ નબી સાહેબને પણ નમન કર્યું હતું. જેવી રીતે તેઓએ હઝરત આદમને કર્યું હતું, કારણ કે અલ્લાહે પોતાનો રૂહ એમનામાં પણ ફુંક્યો હતો.

હવે આ સિધ્ધાંતો પ્રમાણે શેતાન અને ફરિશ્તાની હકીકત તથાપ્રકૃતિ વગેરે જે આદમની વાર્તામાં આવે છે અને જ્યાં જ્યાં શેતાન અને ફરિશ્તાઓ આજના જમાનામાં રહેતા લોકોથી કેમ સંબંધ ધરાવે છે એના ઉપર પૂરતો પ્રકાશ નાખવામાં આવ્યો છે. જો કે કુરાનની આયત (૬ : ૧૧૨) ને અનુરૂપ ન તો દુષ્ટ લોકોને જાણ હતી કે તેઓની આદમ સાથેની શત્રુતાને કારણે તેઓ શારીરિક અર્થમાં માનવજાત રૂપે શેતાન થયા છે અને તેઓ પોતાના કમનસીબ રૂહ રૂપે જીન્ન રૂપે શેતાન થયા છે, નહીં તો સાધારણ મોમીનને એ જાણ હતીકે તેઓ પોતાના શારીરિક અર્થમાં શારીરિક રીતે ફરિશ્તા બન્યા હતા અને આત્મિક અર્થમાં તેઓ રૂહાની ફરિશ્તા બન્યા હતા. પાક પયગંબરના જમાનામાં પણ આ કિસ્સો એક સરખો હતો. જેમ એમના હુકમને અવગણનારાઓને જાણ નહોતી કે તેઓ શેતાન થયા છે અને ન તો આ છુપું રહસ્ય સાધારણ મોમીનો પાસે ખુલ્લું કરવામાં આવ્યું હતું કે તેઓ રૂહાની સંબંધિત ફરિશ્તા થયા હતા અને તેઓ પણ રૂહના એજ બનાવોમાંથી પસાર થતા હતા, જેમાંથી હઝરત આદમના સમય દરમ્યાન ફરિશ્તાઓ પસાર થયા હતા.

ટુંકમાં આદમની વાર્તાનો મોટો ભાગ તાવિલના પડદામાં છુપાયેલો છે. એજ કારણસર એવું કહેવાય છે કે જો કે જાહેરમાં આ વાર્તા એક આદમ સંબંધિત છે, પરંતું હકીકતમાં આ વાર્તાએ ઘણા આદમોની અખૂટ સાંકળ છે. કુરાનમાં જો કે 'ઇન્સાન' શબ્દ એકવચનમાં વપરાયો છે પણ એ બહુવચન સૂચવે છે, એવી જ રીતે આદમનો એક જ (આદમ) માટે વપરાશ થયો છે પરંતુ એ ઘણા આદમોનું સૂચન કરે છે.

# ૮. મોમીન અને એનો પરિવાર

પાક માલિક મોમીન અને એના પરિવાર સંબંધિત "તાહરિમ" (હરામ)ના પ્રકરણમાં કહે છે : "ઓ ઈમાન લાવનારાઓ ! તમે આગથી (દોઝખની) પોતાને અને પોતાના પરિવારને બચાવો, જેનું ઈંધણ એ માનવી અને પથ્થર છે" (૬૪ : ૬).

આ આયત ઉપર વિચારણા કરવાથી ઘણી બધી મૂળભૂત હકીકતો ઉપર પ્રકાશ પડે છે. સૌથી પ્રથમ અને મુખ્ય બાબત એ છે કે મોમીનના મોક્ષ માટે અલ્લાહે દરેકે દરેક શક્ય એવા સાધનોનો બંદોબસ્ત કર્યો છે. અન્યથા, મોક્ષ મેળવવાનાં સાધનોમાં જો ઓછપ હોતે તો અલ્લાહ એવી બાબત કહેતે નહીં. અર્થાત મોમીન ન ફક્ત પોતાના રૂહના મોક્ષ અને કલ્યાણ માટે જવાબદાર છે પણ એક રીતે એ એના પરિવાર અને બાળકોના રૂહો માટે પણ જવાબદાર છે. કારણ કે બાળકો આ દુનિયામાં અને બીજી દુનિયામાં એની જીંદગીનો એક હિસ્સો છે. તેઓ મોમીનથી જુદા નથી. તેઓ એના નવા ને તાજા માનવ ગુણો તથા દેહત્વના પ્રતિકો છે. આ દરેક પ્રકારના બાળકોને લાગુ પડે છે. અર્થાત આ તેઓ જે ખરા અર્થમાં માવિત્રો અને બાળકો થઈ શકે છે, તેના માટે આ સૂચન પૂરતું છે કે એ બાળકો માવિત્રોની નવી જીંદગી અને નવા સુંદર વસ્ત્રો છે.

એથી જ મોમીનોએ પોતાના બાળકોનો ઉછેર ધાર્મિક અને રૂહાની રીતે બની શકે એટલી સારી રીતે કરવો જોઈએ અને કોઈ પણ સંજોગોમાં તેઓએ પોતાના પવિત્ર ફરજમાં નિષ્ફળ થવું નહીં જોઈએ. આ જાણીતું છે કે આવા અસંખ્ય સ્પષ્ટ ફરમાનો ઈમામતની પાક હાજીર રોશની દ્વારા કરવામાં આવ્યાં છે, જેમાં ધાર્મિક અને દુનિયવી કેળવણી અને બાળ ઉછેરને અતિશય મહત્વતા આપવામાં આવી છે.

આ બંદા-એ-દરવેશે એવા અમુક મોમીનોને જોયા છે જે ઈમામના પાક ફરમાનોને અનુરૂપ ધાર્મિક શિક્ષણ પોતાના બાળકોને આપે છે. હું અહીં એક એવા મોમીનનું દ્રષ્ટાંત આપું છું જે મારા અતિપ્રિય મુહમદઅલી નૂરમહમદનું નામ છે. જે ભાવુક ઈસ્માઈલીઓની મોખરાની હરોળમાં આવે છે. એમની જમાતની

ખિદમતની તવારિખ વિશાળ છે. એ આ–રિ–ફ (Arif)નો આત્મા છે. તેઓએ મહાનુભવી ઈમામના પાક ફરમાનો મુજબ પોતાના નવ વર્ષના ખૂબસુરત અને તંદુરસ્ત વ્હાલા પુત્ર, લિયાકતઅલીમાં ધર્મના રૂહને એવી રીતે ફુંક્યો છે કે તે (લિયાકતઅલી) રોજની બંદગીમાં નિયમિત હોવા ઉપરાંત મઝહબની ઘણી બાબતો પણ જાણે છે. એ ચોથા ધોરણના 'એ' ગ્રુપનો વિદ્યાર્થી છે અને એ અંગ્રેજી અને ફ્રેન્ચનું શિક્ષણ મેળવે છે. એ જગતની વિસ્તૃત રીતે વપરાતી આ બે ભાષા સારી રીતે બોલી શકે છે.

અમારા આ નાનકડા દોસ્ત, લિયાકતઅલીને અસંખ્ય કાર્યદક્ષતા પ્રદાન થઈ છે, પરંતુ સૌથી આગળ પડતી અને ધ્યાન ખેંચે એવી આદત જે મને અત્યંત ખુશી આપે છે તે જ્યારે હું એને દરરોજ સવારે નિયમિત રીતે આબેશફા પીતાં પહેલાં એક નાના પાક ફરમાનનું વાંચન કરતાં નિહાળું છું એ છે. તેણે એના દૂરંદેશી પિતાના શિક્ષણ અને માર્ગદર્શન થકી આ સુંદર આદતને પોતાના જીવનનો એક ભાગ બનાવી લીધી છે અને આ ભાગ્યશાળી આદત એને પોતાને અને જે પણ વ્યક્તિ એનું અવલોકન કરે છે તેઓ બંનેને ખુશી અર્પણ કરે છે.

આ અનોખા ઘરમાં ધાર્મિક અને રૂહાની સંતોષ મેળવવાના ભરપૂર સાધનો છે. પ્રથમ તો ત્યાં જમાનાના ઈમામના પવિત્ર ફરમાનોનો મહાન ખજાનો છે; ગીનાનનો મોટો સંગ્રહ છે; ધર્મ પુસ્તકોની પૂરી ન થાય એવી ધનસંપત્તિ અને ધાર્મિક 'કેસેટો'ની આખી દુનિયા સમાયેલી છે. મારા વ્હાલા લિયકતઅલી માટે ખાસ 'કેસેટો' તૈયાર કરેલી છે; પવિત્ર દુ'આના ખરા શબ્દોચ્ચાર માટે મી. ફકીર મહમદ હુંઝાઈના આત્મપોષણ મુખપાઠની 'કેસેટો' ઉતારવામાં આવી છે, જેથી એ આ મુખપાઠને ફરી ફરીને સાંભળે અને પોતાના શબ્દોચ્ચાર સુધારી શકે.

આ ભાગ્યશાળી બાળકે આ કુમળી ઉંમરમાં જ ધાર્મિક બાબતોની નોંધ રાખવાનું શરૂ કર્યું છે. આ સંબંધિત એની પાસે જુદી 'નોંધ બુક' છે, જેમાં એણે ઘણી નોંધ ઉતારી છે. આ 'નોંધ બુક'માં એણે ચિત્રો અને આકૃતિઓ અહીં તહીં

દોરી છે અને ઘણી વખતે એ ખૂબ જ ઉંડા સવાલો પણ પૂછે છે.

લિયાકતઅલી ધાર્મિક શાળા એના ઘરથી ખૂબ જ દૂર હોવા છતાં છેલ્લા બે વર્ષથી જાય છે. એ એના પિતાજી સાથે જમાતખાને પણ જાય છે. દયાળું ને કૃપાળું માલિક લિયાકતઅલી અને એના બીજા સગાઓને તથા પ્રિયજનોને ઉચ્ચ અભિલાષા અને દરેક પ્રકારની સફળતા બક્ષે. એવી જ રીતે દરેક ઈસ્માઈલી અને તેમના બાળકોને આ દુનિયા અને બીજી દુનિયાની ખુશી હાંસલ કરે આમીન ! ઓ દુનિયાઓના માલિક.

હરહંમેશ દુઆ કરનાર સેવક,
**નસીરૂદીન નસીર હુંઝાઈ**
તા.૨૯મી માર્ચ ૧૯૮૨.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# ૯. અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઈને કૃતજ્ઞતા અને કદરના સ્મરણચિન્હ રૂપે અર્પણ

આદરનીય અલ્લામા સાહેબ,

જો કે અમો સંપૂર્ણપણે જાણીએ છીએ કે જે લાગણી અમે અનુભવીએ છીએ એને ફક્ત શબ્દ દ્વારા વ્યક્ત કરી શકાય એમ નથી. તે છતાં છેલ્લા થોડાં મહિનાઓમાં અહીં મોન્ટ્રીયલમાં અમોને જ્ઞાનના ક્ષેત્રમાં તમારા તરફથી જે પાલણતોષણ મળ્યું છે એ માટેની ઊંડી કદર અને ઉપકારવશતા જે અમો અનુભવીએ છીએ એના નાનાસા પ્રતિક રૂપે અમો આ શબ્દોને લખવા ઇચ્છીએ છીએ.

જ્યારે અમો એ સમય પર નજર કરીએ છીએ, જ્યારે તમો અમને પહેલીવાર મળ્યા હતા, તો અમે ખંચકાયા વગર મનનું સમાધાન કરી શકીએ છીએ કે મૌલાના હાઝર ઈમામે તમોને સંશોધન સહકાર્યકરનું કામ કરવા મોન્ટ્રીયલ યુનિવર્સિટી પર અમોને ઈસ્માઈલી મઝહબના ગહન ખજાનાઓની ઊંડી સમજ દેખાડવા માટે મોકલ્યા હતા. અમે મૌલાના હાઝર ઈમામ પાસે તમોને અહીં મોકલવાની કૃપા માટે અવિરત શુક્રાના અદા કરશું.

જ્યારથી તમે મોન્ટ્રીયલ પધાર્યા છો, એટલે કે ફેબ્રુઆરીથી, દિવસો અને અઠવાડિયાઓ, જે તમારી મજાલીસોની અદભુત યાદોથી ભરપૂર છે, એ ખૂબ જ ઝડપથી પસાર થયા છે. અલ્લામા સાહેબ તમોએ અમને ગીરીયા-વ-ઝારી કરવાની સાચી સુંદરતા શિખવી છે, તમોએ ઈસ્માઈલી ધર્મના અનંત મોજીઝાઓથી અમારો પરિચય કરાવ્યો છે, તમોએ અમારામાં મૌલાના હાઝર ઈમામ માટેની ઊંડી ઉત્કંઠા ઉત્પન્ન કરી છે અને મૌલાના હાઝર ઈમામ પાસેથી ઈલ્મ મેળવવાની હાર્દિક

મહત્વકાંક્ષા ઉત્પન્ન કરી છે.

અમારા સવાલોના જવાબ આપવાની તમારી વિનમ્રતા અને ધીરજ અમારા દિલને સ્પર્શી ગઇ છે. આપનુ અખૂટ જ્ઞાન તથા ધર્મની બાબતોને તર્કશાસ્ત્રની રોશનીમાં સમજાવવાની શક્તિ, તમારી વૈજ્ઞાનિક રીતે વસ્તુ તરફ પહોંચવાની પધ્ધતિ અને તમારી અચલ વિનમ્રતા અમારા માટે પ્રેરણાદાયક નિવડશે અને ઈન્શાહઅલ્લાહ તમો અમારા માટે રચનાત્મક અનુકરણ કરવા માટે દ્રષ્ટાંત રૂપ બનશો.

અમોએ ઇસ્માઈલી ઈતિહાસમાં વાંચ્યું છે કે ભૂતકાળમાં ઘણા દાઈઓ (du'at) અરેબિયા અને પરશિયાથી દૂર પૂર્વના દેશોમાં ઇસ્માઈલીઝમની રોશની ફેલાવવા ગયા હતા. અમારા ખાસ ફાયદા માટે હાઝર ઈમામે તમારા જેવા દાઈને પૂર્વથી પશ્ચિમ સુધી, એ તણખાને સળગાવવા મોકલ્યા છે જે અમારા બધામાં અસ્તિત્વ ધરાવે છે.

તમારા પ્રવચનોમાંના ઐકેશ્વરની ભાવના (monorealism), અસલમાં વાસિલ, અને ખુદાઇ પરમાણુ જેવા થોડાનો ઉલ્લેખ અહીંયાં કરીએ છીએ, એ હરહંમેશ અમારી સાથે રહેશે અને ઈન્શાહઅલ્લાહ અમો ઇલ્મના આ સુરક્ષિત પાયા ઉપર બાંધકામ કરી શકશું

સાહેબ, અમારા કુરાનના જ્ઞાનની અપૂર્ણતાતો દુ:ખ પહોંચાડે એવી છે. તમારા કુરાનની તાવિલના વ્યાખ્યાનોએ અમારા માટે ઇલ્મના નવા ક્ષેત્રો ખોલી આપ્યા છે.

ઉપરોક્ત જણાવેલ દરેકે દરેક બાબત અને બીજી ઘણી એવી ભાવનાઓ જેને અમો આ કાગળ ઉપર વ્યક્ત કરી શક્તા નથી, તે માટે અમો અનંત સુધી તમારા કૃતજ્ઞ રહેશું. અમો મૌલાના હાઝર ઈમામ પાસે દુઆ માંગીએ છીએ કે એ તમોને બન્ને દુનિયામાં એની બક્ષિસોથી નવાજે, આમીન. અમો એ પણ દુઆ કરીએ છીએ કે મૌલાના હાઝર ઈમામ અમારો મેળાપ જીંદગીમાં પાછો તમારી સાથે કરાવે અને

એની દુઆ આશિષોથી અમો તમારી પાસેથી મેળવેલા ઇલ્મનો સારો ઉપયોગ ન ફક્ત અમારા માટે, પણ આપણી જમાતોના ફાયદા માટે, ઐકવાસ્તવવાદથી સાચી લાગણી સાથે કરી શકીએ.

તમારા આભારવશ વિદ્યાર્થીઓ,

મોન્ટ્રીયલ (કેનેડા)
છઠ્ઠી જૂન, ૧૯૮૨

☆

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

કોમ્પ્યુટર કમ્પોઝ : નજફી કોમ્પ્યુટર કમ્પોઝીંગ, ફોન નં. ૭૧૭૦૭૭–૭૧૫૩૫૦ કરાચી

2